Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૭ • તા. ૦૪ જુલાઈ ૨૦૧૬ થી ૧૦ જુલાઈ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

પર્યુષણ પર્વ

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

## મહારાષ્ટ્ર – ખાનદેશ વિભુષણ

પધારો ← પારોલા તીર્થે → પધારો

શ્રી શાંતિનાથ પ્રભુના સાનિધ્યમાં, સમસ્ત મહારાષ્ટ્રમાં અચલગચ્છનું સાર્ધ-શતાબ્દી પાર કરી ચુકેલું તીર્થરત્ન, ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઈનું મોસાળ એવા ઐતિહાસીક શ્રી પારોલા તીર્થની ધન્ય ધરા પર જિનશાસનના યુવા રત્ન સુપ્રસિધ્ધ વિધિકાર તથા સંગીતકાર...

**શ્રી હર્ષ દેઢિયા**
(M.A. in Jain Philosophy) ના સંગાથે

કંઈક અનોખી રીતે માણીએ અને આરાધીએ પર્વાધીરાજ શ્રી પર્યુષણ મહાપર્વ
(તા. ૩૦-૦૮-૨૦૧૬ થી તા. ૦૬-૦૯-૨૦૧૬)

સાજન – મહાજન સહુ સાધર્મિક ધર્મપ્રેમી તીર્થ પ્રેમી ભાઈઓ તથા બહેનો જરૂર પધારો.
નોંધ : દરેક આરાધકને રહેવા તથા જમવાની સગવળ બહુમાનપૂર્વક આપવામાં આવશે.

### પર્વાધિરાજ ની HIGHLIGHTS

- દરરોજ સવારના અષ્ટાંગ યોગ આધારિત યોગા
- દરરોજ શ્રાવક જીવન ઉત્કર્ષ તથા કલ્પસૂત્રાદિ પર રસમય વ્યાખ્યાન તથા વાર્તાલાપ
- દરરોજ પ્રભુજીની સેવા – પૂજા – ભકતી ભાવના
- નિત – નૂતન અનુષ્ઠાનો : શ્રી નવકાર અનુષ્ઠાન, સીમંધર સ્વામી ભાવયાત્રા, વિશિષ્ઠ રીતે સ્લાઈડ શો દ્વારા શ્રી ૧૦૮ શાંતીનાથ પૂજન, શત્રુંજય ભાવયાત્રા, સરસ્વતી મંત્ર સાધના, ગૌતમ સ્વામી પૂજન આદિ ઘણું બધું.
- સંધ્યા ભક્તિ ભાવના : સંગીતમય સંવેદના

તો આવો ! આ અદ્વિતીય અપૂર્વ અવસર પર્યુષણને આરાધવા પધારો પારોલા !
આપના આગમનની જાણકારી નીચેના કોઈ પણ એક ઠેકાણે ફોન દ્વારા વહેલામાં વહેલી તકે તા. ૨૧-૦૮-૨૦૧૬ પહેલા નામ નોંધાવી લેશો એવી નમ્ર વિનંતી.

-: સંપર્ક સૂત્ર :-

| | | | |
|---|---|---|---|
| ૧) પારોલા કાર્યાલય | | પારોલા | ૦૨૫૯૭ ૨૯૨૪૪૯ |
| ૨) ગોવિંદજીભાઈ સોની | (મા. મંત્રી) | ધુલીયા | મો. : ૯૯૨૩૪ ૬૭૬૪૦ |
| ૩) પીયુષ ચંદુલાલ ડાઘા | (ઉ. પ્રમુખ) | પારોલા | મો. ૯૪૨૩૯ ૭૪૦૩૪ |
| ૪) દિલીપ પોલડીયા | (મેનેજર) | પારોલા | મો. ૯૪૨૧૬ ૩૫૨૪૯ / ૭૭૯૮૮ ૧૨૨૪૯ |
| ૫) કમલેશ શિવજી શીયાળ | | ડોંબીવલી | મો. : ૯૮૬૯૭ ૭૪૨૮૯ / ૮૬૫૨૬ ૪૧૫૮૮ |
| ૬) દિલીપ ઉમરશી ખોના | | મુલુંડ | મો. : ૯૮૬૯૮ ૧૨૬૫૦ |
| ૭) અમીત કાંતીલાલ દંડ | | મલકાપુર | મો. ૯૮૮૧૯ ૦૩૦૩૦ |

લી.
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન – પારોલા તીર્થ વતિ
શ્રી દિપક દામજી પોલડીયા (પ્રમુખ)ના જય જિનેન્દ્ર !

UPASANA-9820167767



Dt. 12/11/1942

Dt. 04/07/2014

# BHARATI

*Missing You !*

**HANS**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 27/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

## અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓનાં સ્તુત્ય નિર્ણય

*તાજેતરમાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મસ્જીદ બંદર, કાંજુરમાર્ગ અને ભાંડુપની મિલકતોના વિકાસ અને પુનર્વિકાસ સંદર્ભે પ્રકલ્પ વ્યવસ્થાપન સલાહકાર (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ)ની નિમણુંક કરવા અંગે અરજીઓ મંગાવતી જાહેરાત કરી છે. ટ્રસ્ટીઓનો, આ નિમણુંક કરવા અંગેનો નિર્ણય ચોક્કસપણે યોગ્ય છે જેની ઘણા સમયે પહેલાં આવશ્યકતા હતી. આ નિર્ણય દ્વારા ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ વહીવટમાં વ્યવસાયિક (પ્રોફેશનલ) અભિગમ અપનાવ્યો છે તેમ સૂચવે છે એટલે તે દસ્ટીએ પણ પ્રશંસનીય છે.*

*અનંતનાથજી ટ્રસ્ટની પોતાની તેમજ તેને અન્ય ટ્રસ્ટો દ્વારા સોંપાયેલ ભાંડુપ, કુમઠા -વાલીગીરી અને કચ્છ માંડવી ધર્મશાળાની મિલકતોમાં મોટા ભાગની મિલકતો સાથે સમસ્ત જ્ઞાતિને દોઢેક સદી ઉપરાંતનો અનુબંધ છે. આ સિવાય છેલ્લા સાઠેક વર્ષ દરમ્યાન ટ્રસ્ટ દ્વારા ખરીદાયેલ ઘાટકોપરની 'અનંતછાયા' અને કાંજુર માર્ગની મિલકતોનો સમાવેશ થાય છે, જે બંને ખરીદાયેલ મિલકતો યોગાનુયોગે હાલ અદાલતી અને કાનૂની વિવાદોમાં ઘેરાયેલી છે અને ટ્રસ્ટીઓએ એમાં નિષ્ણાત કાનૂની સલાહકારોના માર્ગદર્શનમાં પર્યાપ્ત સંભાળપૂર્વક કાર્યવાહી કરવાની જવાબદારી પણ નિભાવવાની છે.*

*આ રીતે, ટ્રસ્ટની મિલકતોના વિકાસ અને પુનર્વિકાસ બાબતે નિષ્ણાત સલાહકાર મેળવવાની દિશામાં જે જે અરજદારોની અરજીઓ આવી હોય તેમની ચકાસણી તેમજ ઈન્ટરવ્યુ વિગેરેની વિધિઓ દરમ્યાન ટ્રસ્ટીઓ જ્ઞાતિના ત્રણેક આર્કિટેક્સ અને બીલ્ડર-ડેવલપર્સનો પણ સહકાર લે તે એ રીતે ઈચ્છનીય છે કે અરજદારને બાંધકામને લગતા નિયમો અને નિયમનોની આંટીઘુંટીઓની કેટલી ઊંડી જાણકારી છે. અને તે કેટલા વિશ્વસનીય છે તેની ચકાસણી કરવા માટે આ ક્ષેત્રમાં જેમને પર્યાપ્ત અનુભવ હોય તેમનું માર્ગદર્શન જ ઉપયોગી બની શકશે.*

*હાલના સંજોગોમાં સમગ્ર જ્ઞાતિને જે મુદ્દે સૌ પ્રથમ લક્ષ્ય કેન્દ્રિત કરવાનું છે તે અનંતનાથ જિનાલયની સમીપમાં આપણી જ્ઞાતિની બહુસંખ્ય વસતી જળવાઈ રહે તે હેતુસર મસ્જીદ બંદરની વિવિધ મિલકતોના અલગ અલગ રીતે કે કલસ્ટર સ્કીમ ધોરણે પુનર્વિકાસથી ટ્રસ્ટને થોડો ઘણો કે કેટલો મહત્તમ લાભ મળી શકે છે અને અન્યથા પણ એટલે કે કોઈ ખાસ લાભ ન થતો હોય તેવા સંજોગોમાં પણ આ વિસ્તારના ટ્રસ્ટના મકાનોના ભાડુતોનું નૂતન બાંધકામ થયેલ રહેઠાણોમાં પુનવર્સન કરવા માટે જે લાગત-ખર્ચ થવાના હોય તેની વ્યવસ્થા કરવા ટ્રસ્ટે પોતાના ફંડનો કેટલો આંશિક ઉપયોગ કરવો અને ભાડુતોનો સહભાગ મળવાની શક્યતા અને અન્ય પરિબળોનો સમગ્રતયા વિચારણા કરવા અને તે પ્રક્રિયા દ્વારા આખરી નિર્ણય લેવા ટ્રસ્ટીઓ, ટ્રસ્ટની આ વિસ્તારની મિલકતો-જમીનોના પુનર્વિકાસની બાબત જ્ઞાતિ સમક્ષ મૂકશે તો તેમની પોતાની તે અંગેની દ્વિધા અને અનિર્ણિતતાનો અને સંબંધિત ભાડુતો અને જ્ઞાતિમાં પ્રવર્તતી અનિશ્ચિતતાનો કાયમી ધોરણે અંત આવશે.*

*અનંતનાથજી જિનાલય સાથેની જ્ઞાતિની આસ્થા લગભગ બે સદીઓથી જોડાયેલી*

છે તેથી જ્ઞાતિમાટે તે એક રીતે પ્રાણપ્રશ્ન છે. એટલે જ ટ્રસ્ટીઓએ તેને ઘનિષ્ટપણે સ્પર્શતો આ મુદ્દો ટ્રસ્ટબોર્ડ પૂરતો સીમિત રાખવાને બદલે આખી જ્ઞાતિને તે વિષે નિર્ણય લેવા સોંપી દેતાં કોઈ ખચકાટ રાખવો ન જોઈએ.

તેવી જ રીતે, કાંજુરમાર્ગ અને ભાંડુપની મિલકતો વિકાસ અને પુનર્વિકાસની બાબતે નિયુક્ત થયેલ સલાહકારના અહેવાલ અને અભિપ્રાય મળ્યા પછી તે અંગે આખરી નિર્ણય લેતાં પહેલાં ટ્રસ્ટીઓ જ્ઞાતિના આ ક્ષેત્રના અનુભવી આર્કિટેક્ટસ અને ડેવલપર્સ સાથે સઘન વિચાર-વિમર્શ કરે તે પણ જરૂરી છે. કાંજુરમાર્ગની શેષ અવિકસિત ખુલ્લી જમીન અંગે મહારાષ્ટ્ર સરકારે ૨૦૦૪ના વર્ષમાં તેનો શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરવા


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


આપેલ પરવાનગીનો મુદ્દો તેમજ અત્યારના ડેવલપમેન્ટ પ્લાનમાં તે જમીન અધિકાંશપણે વિવિધ રીઝર્વેશન હેઠળ આરક્ષિત છે તે મુદ્દો તથા ભાંડુપની જમીન સાથે મુંબઈ હાઈકોર્ટે ૧૯૭૦ના દાયકામાં મહાજન હસ્તક સ્કીમ ફંડ ટ્રસ્ટના અનંતનાથજી ટ્રસ્ટમાં થયેલ વિલિનીકરણની મંજુરી આપતા ચૂકાદામાં મૂકેલી શરતોનું પાલન કરવાનો મુદ્દો સંકળાયેલો છે તેથી તેમાં કાનૂની નિષ્ણાતનો અભિપ્રાય લેવો પણ જરૂરી બનશે, જેના વિના ટ્રસ્ટીઓ આ બંને મિલકતો અંગે આખરી નિર્ણય લેશે તો ઘણા અનર્થ સર્જાવાની પૂરી સંભાવના છે.

અલબત, કાંજુરમાર્ગની જમીન પર હાલ અનંતનાથજી કોમ્પ્લેક્ષ તરિકે ઓળખાતા સહકારી સોસાયટીના મકાનોના પુનર્વિકાસની બાબતે પણ ટ્રસ્ટીઓએ વિચારણા કરવી જોઈએ જે માટે આ સહકારી સોસાયટીની તરફેણમાં રજીસ્ટારે ડીમ્ડ કન્વેયન્સનો હુકમ આપેલ છે તેને ટ્રસ્ટે હાઈકોર્ટમાં પડકારેલ છે તેમાં ટ્રસ્ટે અને સોસાયટીએ સમાધાન કરવું પડશે.

ટ્રસ્ટની મિલકતો અંગે પ્રકલ્પ સલાહકાર દ્વારા જે જે પ્રોજેક્ટ રિપોર્ટ ટ્રસ્ટને સુપ્રત થાય તે સંબંધે વિચારણા કરવા જ્ઞાતિના પ્રતિષ્ઠિત અને અનુભવી આર્કિટેક્ટસ, બીલ્ડર-ડેવલપર્સ અને કાનૂની નિષ્ણાતોને પણ સામેલ કરવાથી ટ્રસ્ટીઓને વિશાલ પરિપેક્ષ્ય અને અનેકવિધ વિકલ્પોના દષ્ટિકોણ મળશે તે સર્વ સાહિત્ય કાં તો ઉપયુક્ત રીતે કાર્યશીલ અને પ્રવૃત્ત થયેલ સમસ્ત મહાજનના ઉપક્રમે કાં તો સ્વતંત્ર રીતે ટ્રસ્ટીઓ જ્ઞાતિ સમક્ષ મૂકશે તો તેને લીધે જ્ઞાતિને પણ ટ્રસ્ટીઓને કઈ મુશ્કેલીઓ નડે છે કે અન્ય મર્યાદાઓને ધ્યાનમાં લેવી પડે છે તેની સઘન સમજ આપી શકાશે તેમજ ટ્રસ્ટબોર્ડ માટે પણ સુરેખ અને નિશ્ચિત દિશા અપનાવવાનું સરળ બનશે.

૨૦૧૦-૧૫ની મુદતના ટ્રસ્ટબોર્ડમાં નામાંકિત બીલ્ડર ડેવલપર, આર્કિટેક્ટ અને કાનુનવિદ જેવી પ્રતિભાઓ હતી જેથી તેના ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મિલકતો અને અન્ય બાબતોમાં વહીવટી નિર્ણયો લેવામાં સુગમતા અનુભવતા હતા, પરંતુ તેમણે જ્ઞાતિ સમક્ષ પારદર્શિતાયુક્ત અભિગમ ન અપનાવ્યો તેથી જ્ઞાતિમાં તેઓ વિવાદાસ્પદ બન્યા.

*વર્તમાન ટ્રસ્ટબોર્ડ પાસે આ પ્રકારના પ્રતિભાસંપન્ન ટ્રસ્ટીઓ નથી તેને વિષે વિશેષ મહત્વ ન આપીએ તો એ ટ્રસ્ટીઓએ હજી સુધી, ટ્રસ્ટને લગતા કાયદાઓ, મિલ્કતોના વિકાસ અને પુનર્વિકાસ બાબતની આંટીઘુંટીઓ અને વિવિધ કોર્ટ-કાનૂની બાબતોમાં સક્ષમ સલાહકારોની નિમણુંક કરી તેમના અભિપ્રાય-સલાહોનું સંકલન સાધતી યંત્રણા ઊભી કરી નથી પરંતુ તે દિશામાં તેમણે, પ્રકલ્પ વ્યવસ્થાપન સલાહકારની નિમણુંક કરવા અંગે આ પહેલું પગલું લીધું છે, તે ટ્રસ્ટના વહીવટમાં અત્યાવશ્યક એવા વ્યવસાયિક અભિગમ અનુસરવા કૃતનિશ્ચય હોય તેની તેમજ તેના અનુરૂપમાં અને અન્ય રીતે જ્ઞાતિ સમક્ષ પારદર્શિતાયુક્ત અભિગમ અપનાવવામાં તેઓ કોઈ સંકોચ નહી રાખે તેની તેઓ જ્ઞાતિને પ્રતીતિ કરાવે તેવી અપેક્ષા રાખીએ.*

– રા.

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણી સંસ્થાઓ, કાર્યકર્તા અને આગેવાનો બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. આમ છતાં, સમાચાર મોકલનારા આ રીતે ટૂંકાવીને પ્રગટ થયેલા સમાચાર આ બાબત ફોન કરી કે પત્ર લખી તેમની મહત્વની વિગતો ન આપાઈ હોવા બદલ નારાજગી દર્શાવી ફરિયાદ-દલીલો કરે છે. આથી સૌને વિનંતી કરવાની છે કે ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ (કેટલીક વખત લાંબી યાદી હોય છે) દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતો ને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


WEALTH HEALTH

**SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST**

**આભાર દર્શન**

''પ્રકાશ સમીક્ષા'' ના તા. ૨૦ થી ૨૬ જુન ૨૦૧૬ના અંક નં. ૨૫, પાના નં. ૪ પર આપેલી 'આભાર દર્શન' ની જાહેરખબરમાં શરતચૂકથી **શ્રી ચન્દ્રેશભાઈ ડાઘા** (વાશી), **શ્રી મુકુન્દભાઈ મોમાયા** (ભાંડુપ) તથા **શ્રી હરીશભાઈ સાયલા** (ડોંબિવલી) ના નામ રહી ગયા છે જે બદલ ક્ષમાયાચના.

લિ. **શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
**હીરાલાલ હંસરાજ ડાઘા**
(મેનેજીંગ ટ્રસ્ટી)

જય જય શ્રી મહાકાલી મા

**શ્રી મહાકાલી દેવીના ૨૧ વરસ ઉત્સવે પધારશો**

અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનો ભક્તિ ઉત્સવ પહેડી ૨૧ વરસ આસો સુદ ૨ રવિવાર તા. ૨-૧૦-૨૦૧૬ના ઘાટકોપર સભાગૃહ, રાષ્ટ્રીય શાળા સવાર ૮ થી ૨ રાખેલ છે. સૌ ભાવિકો પૂજન-દર્શન-વંદન-પહેડી પ્રસાદ ભક્તિ સંગીતે હમેશની જેમ પધારવા અગ્રીમ આમંત્રણ.

૨૧ વરસના સહયોગી પરિવારો
**માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** (પુના-સુથરી)
**કુમારી ઉર્વસી નીતિન કાન્તીલાલ નાગડા** (ડોંબિવલી-જખૌ)
**માતુશ્રી દેવકુંવર ગુલાબચંદ ભાટે ખોના**
**બિપીન ભાટે** (નાસીક-નલીયા)
**માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ**
**પ્રવિણા રમેશ શાહ** (કોચીન-માંડવી)

ભક્તિસંગીત **શ્રી કિશોર મનરાજ હંસકુમાર મૈશેરી** કલાકારો
**યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજ મંદિર ટ્રસ્ટ**
૨૧ વરસના દાતાઓનું
અગાતરું આમંત્રણ સૌ પધારશોજી.

# સમસ્ત ક.દ.ઓ. મહાજનમાં મુંબઈના પ્રતિનિધિ મોકલવા બોલાવાયેલી સભામાં મુંબઈ અને જ્ઞાતિ સ્તરે એકતા સુદૃઢ કરવાનો સંકલ્પ જાહેર

સમસ્ત ક.દ.ઓ. મહાજનના ટ્રસ્ટ બોર્ડમાં મુંબઈ મહાજનનું પ્રતિનિધિત્વ કરવા ૧૧ ટ્રસ્ટીઓ મોકલવાની પ્રક્રિયા ગુરુવાર તા. ૩૦/૬/૨૦૧૬ના અનંતનાથ જિનાલયના ઉપાશ્રયમાં મળેલી સભામાં હકારાત્મક વાતાવરણમાં હાથ ધરાઈ હતી. ભારી વરસાદ અને વ્યસ્તતાનો દિવસ હોવા છતાં સમસ્તમાં મુંબઈ મહાજનનું પ્રતિનિધિત્વ કરનારા ૬૬ માંથી ૩૮ સભ્યો ઉપસ્થિત હતા.

**સર્વોનુંમતે ચૂંટાયેલા ટ્રસ્ટી :**
**કલ્પેશ માણેકજી મોતા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**બિપીન પાર્શ્વીર નાગડા**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**ચિમન મેઘજી મોતા**
**જયંત વિશનજી છેડા**
**ચેતનકુમાર ખીમજી મોમાયા**
**લેરીન વર્ધમાન ખોના**
**માલતીબેન હરીશ ધરમશી**
**વીણા વિજય નાગડા**
**ચંદ્રસેન હિરાચંદ મોમાયા**

કુલ ૧૪ ઉમેદવારો હતા, તેમાંથી ૩ ઉમેદવારો **કમલેશ મુલચંદ સોની, અતુલ ડુંગરશી ધરમશી, કલ્પનાબેન દીપક ધરમશી**એ સ્વેચ્છાએ ઉમેદવારી પાછી ખેંચી સમસ્તને મોકલવાના ટ્રસ્ટીઓ સર્વસંમતીથી ચુંટાયેલા જાહેર થાય તે માટેનો તખ્તો તૈયાર કર્યો.

ત્યારબાદ યોજાયેલી સભામાં ચૂંટાયેલા ટ્રસ્ટીઓ અને અન્યોએ સમસ્ત મહાજનને વિશે વિચારો વ્યક્ત કર્યા હતા.

જ્યાં સુધી નવી વ્યવસ્થા ન ગોઠવાય ત્યાં સુધી સેક્રેટરી જનરલનો હોદો સંભાળતા ચીમનભાઈ મોતાએ જણાવ્યું હતું કે જ્ઞાતિજનો સમસ્ત ક.દ.ઓ મહાજનને મહત્વની સંસ્થા માને તે માટે સહિયારો પ્રયત્ન કરવાની જરૂર છે. સમસ્તની ગયા વખતની ટીમને જે પ્રકારની સ્થિતિનો સામનો કરવો પડ્યો તેવું અત્યારની મુદતની ટીમને ન કરવો પડે તે માટે સૌ સહયોગ આપે તે જરૂરી છે.

સમસ્ત મહાજનના સ્વપ્ન શિલ્પી રાજેન્દ્ર મણિલાલ ખોનાએ જણાવ્યું હતું કે સંસ્થાના બંધારણ પ્રમાણે મહાસમિતિ અને ટ્રસ્ટ બોર્ડમાં સૌથી વધુ પ્રતિનિધિ મોકલવા સાથે સેક્રેટરી જનરલ અને એક મેનેજીંગ ટ્રસ્ટી મોકલનાર મુંબઈની ભૂમિકા સમસ્ત મહાજન સંસ્થા માટે સૌથી વધુ મહત્વની છે એટલે તે મુંબઈ સ્તરે એકતા સાધી શકાશે તો સમસ્ત જ્ઞાતિસ્તરે તેના હકારાત્મક પડઘો પડશે. તેમણે મહાસમિતિના સભ્યોની ભૂમિકા સંસ્થાને દિશાદોર આપવા મહત્વની છે એમ ભારપૂર્વક જણાયું હતું.

પ્રકાશ સમીક્ષાના સહતંત્રી ચંદ્રસેન મોમાયાએ જણાવ્યું હતું કે આપણું સૌથી પહેલું કામ સંગઠનને સુદૃઢ બનાવવાનું છે. તેમણે આ માટે ટ્રસ્ટ બોર્ડની દરકે મીટીંગ પહેલાં અને પછી જે તે પ્રદેશના મહાસમિતિના સભ્યોની સભા યોજય તેવું સૂચન કર્યું હતું. જેથી મહાસમિતિનના સભ્યો તેમણે માત્ર વર્ષમાં એકાદ વખત મળીને વિચાર વિમર્શ કરવાનો છે એમ સમજવાને બદલે જ્ઞાતિજન અને સમસ્ત મહાજન વચ્ચે સંવાદ સાધનારની ભૂમિકા ભજવી શકે.

વીણા નાગડાએ જણાવ્યું હતું કે નવા આગેવાનોને વ્યવસ્થિત માર્ગદર્શન મળવું જોઈએ.

જ્ઞાનેશ લાપસીયાએ શિક્ષણ અને મેડિકલ માટે વન વીંડો સીસ્ટીમ અપનાવવા અનુરોધ કર્યો હતો.

### મ્હાડાની મુંબઈના ઘર માટેની અરજીની શરૂઆત

સસ્તા ઘર બનાવતી એજન્સી મ્હાડાના મુંબઈ બોર્ડે ૯૭૨ ઘરની લોટરી કાઢી છે. દસમી ઑગસ્ટે યોજાનાર લોટરી માટે રજિસ્ટ્રેશન શરૂ થયું છે. ઈકૉનોમિકલી વિકર સેક્શન, લૉઅર ઈન્કમ ગ્રુપ, મિડલ ઈન્કમ ગ્રુપ તેમ જ હાયર ઈન્કમ ગ્રુપ એક ચારેય ગ્રુપના ઘર દહીસર, ગોરેગાંવ, કાંદિવલી, બોરીવલી, સાંતાક્રુઝ, ચાંદીવલી, પવઈમાં છે.

આ માટે ૨૩ જુલાઈ ૨૦૧૬ સુધી ઑનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. અરજદારો માટે **https://lottery.mhada.gov.in** પર ઑનલાઈન અરજી કરવાની તારીખ ૨૫મી જુલાઈ સુધીની છે. બેંકમાં ડીડી સ્વીકારવાની તારીખ ૨૭ જુલાઈ સુધીની છે. દસમી ઑગસ્ટના રોજ લોટરી દ્વારા વિજેતા જાહેર કરવામાં આવશે. ઈએસડબલ્યુ માટે રૂ. ૨૫,૦૦૦ થી નીચે, એલઆઈજી માટે રૂા. ૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦, એમઆઈજી માટે રૂ. ૫૦,૦૦૦ થી ૭૫,૦૦૦ અને એચઆઈજી માટે રૂ ૭૫,૦૦૦ કે તેનાથી વધારેની આવકમર્યાદા છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સમસ્ત મહાજનની ઘણા નવા ચેહેરાવાળી મહાસમિતિ તેમજ ટ્રસ્ટ બોર્ડ ટૂંક સમયમાંજ જ્ઞાતિ હિતાર્થે કાર્યશીલ બનશે. તેમાં જવાબદારી લેનારા સૌ કોઈને શુભેચ્છાસહ અભિનંદન....

– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

[redacted]

પાંજો પ્રતિબિમ્બ ટ્રસ્ટે નિર્ણય લીધો છે કે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અને ક.દ.ઓ. નાની ન્યાત જૈન જ્ઞાતિનું **combined** વસ્તીપત્રક અને સરનામા બુક આ વર્ષમાં બહાર પાડવી.

છેલ્લો વસ્તીપત્રક બહાર પડ્યો તેને ૧૫થી વધુ વર્ષ થયા છે અને જ્ઞાતિની સર્વાંગી પ્રગતિ માટે અને દરેક રીતે વસ્તીપત્રકની જરૂર છે. વિવિધ આયોજનો – ખાસ કરીને જ્ઞાતિની સગાઈ સમસ્યા અને ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિએ શું આયોજનો કરવા તે બહુ મહત્ત્વનું છે. પાંજો પ્રતિબિમ્બ મેગેઝીન જુન-૨૦૧૬ના પાના નંબર ૨૨-૨૩ ઉપર વસ્તીપત્રક ફોર્મ આપેલ છે. જે સર્વેને મળી ગયું હશે. જેમને, કોઈ કારણસર ફોર્મ નથી મળેલ, તેઓને વિનંતી કે પાંજો પ્રતિબિમ્બને ટપાલ / કુરીયર દ્વારા ઘાટકોપર - મુંબઈના સરનામે જાણ કરે તો તેમને તુરંત ફોર્મ મળે એમ કરીશું.

મોબાઈલ નંબર : ૯૦૦૪ ૬૮ ૨૪૬૦, ૯૦૦૪ ૩૯ ૨૪૬૦ અથવા લેન્ડલાઈન ફોન : (૦૨૨) ૨૧૦૨૨૮૨૦ પર જાણ કરશો તો પણ તમને વસ્તીપત્રકના ફોર્મ તુરંત પહોંચતા કરીશું. ફોર્મ ઓનલાઈન ભરવાના નથી પણ ભરેલ ફોર્મ ઈ-મેઈલ દ્વારા પાંજો પ્રતિબિમ્બના નવા ઈ-મેઈલ એડ્રેસ **premganga25@gmail.com** પર મોકલી શકો છો. ફક્ત આ ઈ-મેઈલ એડ્રેસ ઉપર જ આપનો ઈ-મેઈલ મોકલશો. જૂનું ઈ-મેઈલ એડ્રેસ – ૧૫મી જુન, ૨૦૧૬થી રદ્દ છે.

ગામોગામના પ્રતિનિધિઓનું લીસ્ટ પાંજો પ્રતિબિમ્બના જુલાઈ-૨૦૧૬ના અંકમાં આપીશું. પણ સૌના હિતમાં છે કે પોતાનું વસ્તીપત્રક ફોર્મ વિના વિલંબે ભરીને મોકલી આપે.

પાંજો પ્રતિબિમ્બે વર્ષ ૧૯૯૮ના વસ્તીપત્રકમાં ૧૨ નવા પેરામિટર્સ આપેલ અને હવે નીકળવાર ૨૦૧૬ના વસ્તીપત્રકમાં હજી વધુ નવા પેરામિટર્સ હશે – નવું વસ્તીપત્રક બહુ જ **user friendly** હશે.

કોઈ પણ મુંઝવણ, પ્રશ્નો હોય તો પાંજો પ્રતિબિમ્બનો મુંબઈ - ઘાટકોપરના સરનામે કે મોબાઈલ / ફોન પર તુરંત સંપર્ક કરશો. અમારા તરફથી પૂરો સહકાર મળશે અને તમારા જ હિતમાં છે કે વસ્તીપત્રકનું ફોર્મ પૂરેપૂરૂં વહેલી તકે પાંજો પ્રતિબિમ્બ - મુંબઈના સરનામે ટપાલ / કુરીયરથી અથવા ઈ-મેઈલ એડ્રેસ - **premganga25@gmail.com** ઉપર મોકલશો.

[redacted]

બી/૪૦૧, જ્યોતિ બિલ્ડિંગ, ભાનુશાલી લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
ફોન : (૦૨૨) ૨૧૦૨૨૮૨૦ ● મો. : ૯૦૦૪ ૬૮ ૨૪૬૦, ૯૦૦૪ ૩૯ ૨૪૬૦
**E-mail : premganga25@gmail.com**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન - નિસીહિ ક્યારે ક્યારે બોલવી જોઈએ ?**

**ઉત્તર -** જિનાલય પ્રવેશ વખતે આપણે ત્રણવાર નિસીહિ - નિસીહિ - નિસીહિ બોલીએ છીએ. જેનો અર્થ થાય છે કે હું સર્વ પાપકારી સાવધ વ્યાપારોનો મન-વચન અને કાયાથી ત્યાગ કરું છું. જેવી રીતે આ વિધિ જિનાલય માટે છે તેવીજ રીતે ઉપાશ્રય વિગેરે સર્વ ધર્મસ્થાનો માટે છે. કોઈ પણ પાપક્રિયા ધર્મક્ષેત્રમાં ન થઈ જાય એની જાગૃતિ, સાવધાની રાખવા માટેની આ વિધિ છે. અવશ્ય પાળવા યોગ્ય છે.

**પ્રશ્ન - આપણે કોઈ ક્રિયા કરતા હોઈએ ત્યારે આપણા અને સ્થાપનાજીની વચ્ચેથી કોઈ જાય તો શું થાય છે ?**

**ઉત્તર -** આપણે ગુરુ સ્થાપના કરીને ગુરુની સાક્ષીએ જ્યારે પણ સામાયિક લેવા, પારવાની કે પ્રતિક્રમણ, દેવવંદનાદિ ક્રિયા કરતા હોઈએ ત્યારે આપણા જીવનના તાર ગુરુની સાથે જોડવાના છે. જ્યારે વચ્ચેથી કોઈ વ્યક્તિ અથવા કુતરો- બિલાડી જેવા પંચેન્દ્રિય પ્રાણી જાય છે... પસાર થાય છે ત્યારે આપણો ગુરુ સાથેના તાર ક્ષણવાર માટે તુટિ જાય છે. તેથી એને આડ પડી એમ કહેવાય છે. શક્ય હોય ત્યાં સુધી આવી આડ ટાળવાની છે અને ક્રિયા શુદ્ધ થાય એ માટે પ્રયત્ન કરવાના છે.

**પ્રશ્ન - તવા ઉપર બરાબર સેકીને અચિત્ત કરેલું મીઠું કેટલા કાળ સુધી અચિત્ત રહે છે ?**

**ઉત્તર -** તવા ઉપર બરાબર સેકીને અચિત્ત કરેલા મીઠાંનો આચિત્ત કાળ વ્યવહાર નિર્યુક્તિમાં આ પ્રમાણે જણાવ્યો છે - ચાતુર્માસમાં ૭ દિવસ, શિયાળામાં ૧૫ દિવસ અને ઉનાળામાં એક મહિનો. પછી મીઠું સચિત્ત થાય છે.

**પ્રશ્ન - આવતીકાલે બનાવવાના શાકભાજી આજે સુધારીને રાખીએ તો ચાલે ?**


।। શ્રી અનંતનાથાય નમઃ।।

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર**

સવિનય સાથે જણાવવાનું કે આ વર્ષે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા આયોજીત મોહનખેડા તીર્થ તથા આજુબાજુના પંચતીર્થોના દર્શનાર્થે તા. ૧૧-૧૧-૨૦૧૬ થી તા. ૧૪-૧૧-૨૦૧૬ સુધીનું આયોજન કરેલ છે. જેનો ખર્ચો **વ્યક્તિ દીઠ રૂા. ૨,૨૫૦/- III A/c અને રૂા. ૧,૦૦૦/- સ્લીપર ક્લાસ (નોન રીફંડેબલ)** છે. નામ વહેલો તે પહેલાના ધોરણે શ્રી જી.વી.સી. સંઘના કાર્યકર્તાઓને લખાવવા વિનંતી.

**નામો તા.: ૧૫-૦૭-૨૦૧૬ સુધી લખાવવા વિનંતી.**

**સમય : સવારે ૯.૦૦ ક. થી બપોરે ૧.૦૦ ક. સુધી**

**સાંજે ૫.૦૦ થી સાંજે ૭.૦૦ ક. સુધી**

ચીમનલાલ રતનશી છેડા - ૯૬૯૯૦ ૧૯૧૯૪ (મહેતાજી)

-: સંપર્ક :-

- જયેન્દ્ર ઉમરશી ભેદા - ૯૮૨૦૦ ૫૧૧૦૧
- જીતેન્દ્ર ઉમરશી લોડાયા - ૯૩૨૨૨ ૫૬૬૨૭
- અમીત અનીલ શીયાળ - ૯૮૨૦૧ ૩૦૩૬૩
- રાજેશ માણેકજી મહેશ્વરી - ૯૮૨૧૩ ૯૩૯૦૪

UPASANA-9820167767

લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના સભ્યોના જય જિનેન્દ્ર!



**બાયઠવાસીઓ નિયાણીઓ તથા સર્વ આમંત્રિતો જોગ**

પરમપૂજ્ય સાધ્વીશ્રી હિતપ્રભાશ્રીજી મ.સા. આદિઠાણાનું મંગલ ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૨ને **શનિવાર, તા. ૧૬-૦૭-૨૦૧૬ના સવારના ૮.૦૦ વાગે** બાયઠ ગામે થશે. તો આ અદ્વિતિય પ્રસંગે તેમજ ચાતુર્માસ દરમ્યાન અને પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે હાજર રહેનારા સૌ સર્વધર્માનુરાગીઓ ક્યારે અને કેટલા જણ બાયઠગામે પધારશો. એની જાણ અમોને આગોતરી નીચે દર્શાવેલ મોબાઈલ નંબર પર કરવા નમ્ર વિનંતી છે.

અમોને ત્યાં આપ સૌની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરવાની સુગમતા રહે.

**બાયઠ સંપર્ક :**

**બાયઠ મહાજન** - 02834 271447
**નિલેશ પોલડિયા** - 09925853680
**કીર્તિ પોલડિયા** - 08758351110

**મુંબઈ સંપર્ક :**

**જગદીશ દંડ** - 09820775677
**જીતેન્દ્ર નાગડા** - 09324341878
**રમેશ છેડા** - 09821205060

નમો નમઃ શ્રી ગુરૂગુણ સાગર સૂરયે    શ્રી કુંથુનાથાય નમઃ    શ્રી મહાકાલી દૈવ્યે નમઃ





# શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ
# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

રાયપુરના આંગણે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રસંગે આત્મીયતાભર્યું આમંત્રણ
છત્તીસગઢ રાજ્યની પાવન ધરામાં સન્મતિ નગરે, રાયપુર ક્ષેત્રે આવ્યા અવસર સોહામણાં

## ચાતુર્માસ પ્રવેશના મંગલ વધામણાં

**શ્રી પર્યુષણ મહાપર્વ પ્રસંગે પધારવા વિનંતી**

શ્રી જીનશાસન અનુરાગી સુજ્ઞ સાધર્મિક બંધુ - ભગિની જોગ,
જય જય શ્રી કુંથુનાથ દાદા, જય જીનેન્દ્ર

આપને જણાવતા હર્ષ થાય છે કે આપણા સૌના પરમ શ્રદ્ધેય શ્રી કુંથુનાથ દાદાની છત્રછાયામાં અનંત ઉપકારી અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા., આજ્ઞા પ્રદાન અને મંગલ આશિષ તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. દક્ષિણ દીપક સૂરીમંત્ર આરાધક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા. ના આશીર્વાદથી ગુરૂ કૃપા વાત્સલ્ય નિધિ ૧૧૩ મીં આંયબિલ ઓલીના તપસ્વી પ. પૂ. અરૂણોદય શ્રી જી મ. સા. ની પ્રશિષ્યા તથા પ. પૂ. ગુરૂમાતા સાધ્વી હિરણ્યા ગુણાશ્રીજી મ.સા.ની શિષ્યા **પ.પૂ. સમય ગુણાશ્રીજી** મ.સા. અને

**પ.પૂ. શ્રુતગુણાશ્રીજી** મ.સા. આદીઠાણા ૨, સમસ્ત ધર્મપ્રેમી જ્ઞાતિજનો, સંઘની નમ્ર વિનંતી ને માન આપી આપણા શ્રી સંઘના આંગણે ચાર્તુમાસ કાજે પધારશે.



## ચાતુર્માસ મંગલ પ્રવેશ

**આષાઢ સુદ ૧૨ શનિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૬**

સમય : સવારે ૭.૩૦ કલાકે, દાદાવાડી થી પ્રસ્થાન
સામૈયુ સ્થળ : પીળી બિલ્ડીંગથી સવારે ૭.૪૫ કલાકે
સવારે ૯.૦૦ કલાકે, સામુહિક ગુરૂ વંદના અને મંગલ પ્રવચન
૧૧.૦૦ કલાકે, સાધાર્મિક સ્વામિવાત્સલ્ય
નવકારશી ની વ્યવસ્થા છે.
શ્રી કુંથુનાથ શ્વેતામ્બર જૈન મંદિર સન્મતિ નગર, ગલી નં.-૪
ફાફાડીહ નાકા, રાયપુર (છ.ગ.) ફો. નં. : ૦૭૭૧-૨૮૮૨૫૨૬

ચાતુમાર્સની ચમક હશે અનેરી, પધારશો સૌ પ્રમાદને પરિહરી તપ-જપ આરાધનાથી જીવન બનશે સોનેરી, એલાન કરીએ આપને ફરી ફરી રાયપુર નગરની પાવન ધરા પર ગામની નિયાંણી બહનો ને ચાતુર્માસ માટે ભાવભર્યું આમંત્રણ છે. સહપરિવાર પધારશો માવતરના ઘરની શોભા વધાવશો. જીન શાસનમાં સૂત્ર ચરિત્ર છે મહાન, કરીએ મધુરી વીર વાણીનું અમૃતપાન

**- નિમંત્રક -**

શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ અને
શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

**જૈન રત્ન શ્રી રતીલાલ કેશવજી શાહ**
**અધ્યક્ષ ચાર્તુમાસ સમિતિ**

**- સંપર્ક સુત્ર -**

| | | |
|---|---|---|
| તરૂણ શિવજી લોડાયા | પ્રવીણ માણેકજી મૈશેરી | હિતેષ મોતીચંદ શાહ |
| અધ્યક્ષ | મહામંત્રી | મહામંત્રી (મહાજન) |
| 98933 13558 | 94252 02203 | 93002 12158 |

**ઉત્તર –** આવતીકાલે બનાવવાના શાકભાજી આજે સુધારીને રાખીએ એ યોગ્ય નથી. આજના શાકભાજી આજેજ સુધારીને આજેજ બનાવીએ – વાપરીએ એ વધારે યોગ્ય છે. છતાં કોઈ કારણ વિશેષથી આગલા દિવસે તૈયારી કરવી હોય તો ચોળા – વટાણા – તુવેરાદિના દાણા કાઢીને રાખી શકાય મેથી વિગેરેના પાંદડા ચુંટી (ખુંડી) શકાય. ભાજી વિગેરે સુધારી શકાય. પરંતુ ટિનસા, ટિંડોળા, દુધી, તુરીયા, ગીલડા વિગેરે સુધારી ન શકાય. એ બીજા દિવસે ન ચાલે. ઉપયોગ અને જયણા પૂર્વક પ્રવૃત્તિ કરતાં દોષ ન લાગે એની સાવધાની રાખવાની છે. સુધારેલા લીંબુ – દુધી વિગેરે બીજા દિવસે ઉપયોગમાં ન લેવાય.

**પ્રશ્ન – કાકડી ટમેટાનું કચુમ્બર એકાસણામાં વાપરી શકાય? સાધુ – સાધ્વીજી ભગવંતોને વહોરાવી શકાય ?**

**ઉત્તર –** કાચા કાકડી – ટમેટા સુધાર્યા પછી પણ સચિત્ત છે. એમને ચુલે ચઢાવ્યા સિવાય તે અચિત્ત થતા નથી. સચિત્ત આહાર એકાસણામાં વાપરી શકાય નહીં તેમજ સાધુ–સાધ્વીજી ભગવંતને પણ લેવું કલ્પે નહીં. પ્રથમ એને ચુલે ચઢાવી અચિત્ત કરવું પછી જ એનો ઉપયોગ કરવો યોગ્ય ગણાય. કાકડીનો રાયતો પણ ચુલે ચઢાવ્યા પછીજ કલ્પે એ વિના ન કલ્પે.

**પ્રશ્ન – સચિત્ત – અચિત્ત એટલે શું ?**

**ઉત્તર –** જેમાં જીવ છે અથવા જીવ હોવાની સંભાવના છે તે સચિત્ત છે. જેમાં જીવ ચ્યવી ગયો હોય હવે જીવ ન હોય તે અચિત્ત છે. છાસ, સરબત વિગેરેમા કાચું પાણી નાખીએ તેથી તે અડતાલીસ મિનિટ સુધી સચિત્ત છે પછી અચિત્ત બને છે. ચટણી વિગેરેમાં કાચું મીઠું વાપરીએ તો તે સચિત્ત – અડતાલીસ મિનિટ પછી અચિત્ત બને છે. પરંતુ ચિવડો વિગેર બનાવી ચુલાથી નીચે ઉતારી પછી કાચું મિઠું નાંખીએ તો તે સચિત્ત બને છે. સચિત્ત જ રહે છે. તે તપસ્વી કે સાધુ–સાધ્વીને વહોરાવવા કલ્પે નહિં. ચુલા ઉપર જ મીઠું નાંખવામાં આવે તો જ કલ્પે.

સચિત્ત–અચિત્ત ગુરુગમથી જાણી ઉપયોગ રાખવો યોગ્ય છે.

**પ્રશ્ન – ફાગણ સુદિ પછી સૂકા મેવા સંબંધિ શું નિયમ છે ?**

**ઉત્તર –** સૂકો મેવો કારતક સુદિ પુનમ પછી એટલે જ કારતક વદિ એકમથી ફાગણ સુદિ પુનમ સુધી લ્પ્ય છે. વાપરી શકાય છે કારણ એ સમયે સૂકો મેવો તાજો હોય છે. ફાગણ સુદિ પુનમ પછી એમાં સુક્ષ્મ–બાહર જીવોત્પાત્તિ સંભવતી હોવાથી એ અકલ્પ્ય એટલે ત્યાગ કરવા યોગ્ય બને છે. આપણી એક ખોટી માન્યતા છે કે શિયાળા પછી સાધુ–સાધ્વીજી ભગવંતને સૂકો મેવો પાલે ભાજી આદિ ન કલ્પે. પરંતુ એવું નથી. સાધુ–સાધ્વીજી ભગવંતની સાથે શ્રાવક–શ્રાવિકાઓ માટે પણ એજ નિયમાવલી છે સૂક્ષ્મ – બાહર જીવોત્પત્તિ થી અને એની વિશધનાથી બચવા સહુએ આ વસ્તુઓનો ત્યાગ કરવાનો છે. આજના આજ ફોડેલા સૂકા મેવાદિ એજ દિવસે કલ્પે તથા સુખડી આદિમાં એજ દિવસે ફોડિને નાંખેલા સુખડી આદિના કાળ પ્રમાણે ચાલે છે. ચાતુર્માસમાં આ વસ્તુઓનો ત્યાગ આવકાર્ય છે.


નમો જિણાણં
સર્વ જનતાને જાહેર આમંત્રણ
નવકાર મંત્ર યોગ દ્વારા
આનંદમય જીવનના વિકાસની અદ્ભૂત શિબીર
SCIENCE OF DIVINE LIVING

FREE ENTRY
માત્ર પ્રથમ સત્ર
પૂર્ણ શિબીર કરનારને
રૂ.૫૦૦/- પ્રભાવના




આ દરેક સવાલોનું તથા જીવનના ૬ ક્ષેત્ર (શારીરિક, માનસિક, આર્થિક, પારીવારિક, સામાજિક, આંતરિક) ને લગતા તમામ પ્રશ્નોનું SCIENTIFIC અને PRACTICAL SOLUTIONS જોઈએ છે ને ?

EXAMS & INTERVIEWS ના ભયથી મુક્ત થવા ચાહો છો ?
નોકરી ,ધંધામાં તથા FINANCE થી થતા STRESS TENSION થી મુક્તિ ચાહો છો ?
વૈવાહિક જીવનને SMOOTH કરવા માંગો છો ?
મિત્રો / મૈત્રિણી, FAMILY MEMBERS સાથે સંબંધો સુધારવા ચાહો છો ?
CAREER નો FAST GROWTH EASY કરવા માંગો છો ?
બાળકો સાથેના DIFFERENCE ને ખતમ કરવા ચાહો છો ?
૫૦/૫૫ વર્ષ પછીની જીંદગી GOLDEN બનાવવા માંગો છો ?
શારિરીક સ્વાસ્થ્ય તથા રોગ મુક્તિ ચાહો છો ?

આમંત્રિત મહેમાન
* શ્રી શામજી નરશી દંડ - પ્રમુખ શ્રી અખિલ ભારતીય અચલગચ્છ જૈન સંઘ.
* મનશક્તિ કેન્દ્ર, લોનાવલાના ટ્રસ્ટી
* જૈન સોશ્યલ ગ્રૃપ - મુલુંડ

આવો આ મંત્રયોગની શિબીરમાં, જ્યાં આપના દરેક પ્રશ્નોં ના સરળ અને સચોટ રીતે સમાધાન થવાની પૂરી સંભાવના છે.
REGISTRATION COMPULSORY - ALTERNATE SUNDAYS ૮ સત્ર

તા.૩ જુલાઈ,૨૦૧૬ થી
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦
સ્થળ : રતન ગેલેક્ષી, ૧લે માળે, ગાલા નગર, જે.એન.રોડ, HDFC BANK ની ઉપર, મુલુંડ–વેસ્ટ

તા.૩ જુલાઈ,૨૦૧૬ થી
સમય :બપોરે ૩.૦૦ થી ૬.૦૦
સ્થળ : અનંત સિધ્ધી દેરાસર, નરશી નાથા સભાગૃહ, ભાંડુપ પોલીસ સ્ટેશન પાસે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ – વેસ્ટ

અર્પણભાવ : (DONATION) RS.900/- વ્યક્તિ દીઠ - મંત્ર KIT સાથે - પૂરી શિબીર કરનારને RS.500/- ની પ્રભાવના આપવામા આવશે.

સંપર્ક : 9869862373 / 9820944517 / 9323395171 / 9322991036

જાહેર આમંત્રણ
જૈન સંઘો, સંસ્થાઓ, મહિલા મંડળો, YOUTH GROUPS, SOCIAL GROUPS, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાપારી મંડળો , ASSOCIATIONS સૌને આ યજ્ઞમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ છે.

આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર, મુંબઈ.
WATCH ARIHANT TV CHANNEL DAILY 8.30am & 11.30pm
આપના જીવનના કોઇપણ પ્રશ્ન હોય, પરમ આનંદ પરિવારમાં જોડાવા માટે,AUDIO CD, VIDEO DVD, MAGAZINE માટે
આ નંબર પર MISSED CALL કરો : 9920202756 અને WHATSAPP NO. 9920203965

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

આપણી જ્ઞાતિના ઈતિહાસમાં શ્રી જેઠાભાઈ દેવજી નાગડા અને 'ઓસવાલ ક્ષત્રિય વૃતાંત' (ઓસવાલ કોમનો ઈતિહાસ)ના લેખ ક્ષેત્ર કોગસિંહ ખીમજી મો. રાઠોડના મત મુજબ લુઠીયા ગોત્ર એ ભટ્ટી વંશમાં આદીનારાયણથી ૧૫૭મી પેઢીએ શ્રીકૃષ્ણના વંશમાં (ચંદ્રવંશમા) રાવ તનુ થયા જેઓ તનોટ નગરની ગાદીએ વિ. સં. ૮૬૨(ઈ.સ. ૮૦૬)માં આવ્યા. તેના પુત્ર રાવ વિજયરાજ તેનો પુત્ર દેરાવર અને તેના પુત્ર રાવ મુંધ થયા.

રાવ મુંધના એક ઉત્તરાધિકારીની મુંધરા શાખા થઈ. ઉપરોક્ત મુંધરાકુળમાં ધિંગડમલ અને હાથીશાહ નામે બે ભાઈએ થયા. મુલતાનમાંએ વખતે ભટ્ટી વંશનું રાજ હતું જેમાં ધિંગલમલ દેશદિવાન હતા. ધિંગડમલનો પુત્ર લુણોજી થયો. લુણોજીને સર્પદંશ થયો અને વિહાર કરતાં પધારેલ જિનદત્તસૂરિએ મંત્રદીક્ષાના બળે વિષને ખેંચી લઈ અને સ્વસ્થ કર્યો અને ધીંગડમલને જૈનધર્મ અંગીકાર કર્યો. સૂરિજીએ તેમને ઓસવાલમાં ભેળવી દીધો અને તેનું ગોત્ર લુણીયા થયું અને તેનું અપભ્રંશ લુઠિયા થયું. અન્ય કોઈ સ્થળે આદ્યગોત્ર : સતી, વંશ : રાવલ, દેવી : દુર્ગા, શાખા : લુઠિયા એવો ઉલ્લેખ છે.

પરંતુ પાર્શ્વના મતે લુઠિયા ગોત્ર એ બોરીચા ગોત્રની શાખા છે અને પરમારવંશની ૩૫ શાખા પૈકીની એક શાખા આપણી લુઠિયા નૂખ છે. પ્રથમ વસતિ પત્રોમાં લુઠિયા નૂખ રાયધનજર, રવા, નાની ખાવડી અને કોઠારામાં જોવા મળે છે. લુઠિયાઓ રવા ગામે માતા સચ્ચાયને નમે છે અને સચ્ચાય મુખ્યતઃ પરમારવંશની કુળદેવી છે તે પરથી કચ્છી લુઠિયા પરમારવંશીય હોય તે ઉચિત લાગે છે. ભટ્ટીવંશ મારવાડી ગોત્ર લુનીયાનું છે અને કચ્છી લુઠિયા નુખ લુનીયા પરથી બની છે તે બરાબર જણાતું નથી.

લુઠિયા ગોત્રની અપૂર્ણ વહી જોવા મળી તે મુજબ કોકલ લોઠિયાણી, નાગધર, કોકલાણી, રણમલ, નાગધરાણી, આસારીઉ, રણમલાણી, જેઠો, આસરીયાણી, દેઅસી, જેઠાણી, મહીયો દેઅસીઆણી, સોજપાર, મહીયાણી, અરજણ, સોજપરાણી, આસપાર, અરજાણી, ખીમુ, અરજાણી, વેરસી અરજાણી, સવરાજ સોજપરાણી, મેગણ સવરાજાણી, હંસરાજ મેગાણી, થોભણ મહીઆણી, સામત થોભણી, ભોજો મહીયાણી, દેવસી ભોજાણી, દેસર દેવસીઆણી, જીવો દેવસીઆણી, ખેતસી ભોજાણી, ભોજો મહીઆણી. આ વંશાવલી પુર્ણ ન હોવાથી વર્તમાન લુઠિયા પરિવારોને જોડી શકાતા નથી. પરંતુ આ વંશાવલીથી એ જાણી શકાય છે કે લુઠિયાણી પુરૂષ વડિલના નામ પરથી લુઠિયા નુખ નીકળી છે.

આ વહીઓમાં વંશાવલી ઉપરાંત થોડી અન્ય નોંધ છે જે મુજબ 'લુઠિયા ખોંભડે છે. લુઠિયા વહસરવારા રામૈયો મેઘણ વડસર છે. રામૈયો મેઘણ મુંબઈ છે. સંવત ૧૯૦૩ ચૈત્ર વદ ૧૪ના શમહીઉ મેઘાણી પાછો થયો છે. ગામ વડસર જીમાડ્યું છે. ગરત (ઘી) મણ ૧ બેઠું. ધાન સાઈ છ બેઠી. પરિયાગતને દુપટો દીધો તથા રૂપા મોર બે દીધી.'

''શાખ લોઠિયા હરપાર પુંજાણી સાંધવમાં છે. હરપાર પુંજાણી વરંઠીમાં છે. જે પરથી હરપાર પુંજાણી સાંધવથી વરંઠીમાં વસ્યા હશે તે જાણી શકાય છે.''

કોઠારામાં પ્રથમ વસતિપત્રકમાં ગં. સ્વ. મેગબાઈ ત્રીકમજી રતનસી (વિધવા ઉ. ૭૫) તથા ગં. સ્વ. કેસરબાઈ મુરજી ત્રીકમજી રતનશી લુઠિયા હતા. એ વખતમાં પતિના અવસાન બાદ પત્ની પિયરમાં રહેતા હોય તેવા ઘણા દાખલા છે અને મેગબાઈ કે કેસરબાઈ પિયરમાં કોઠારે વસ્યા હશે અને કોઠારા લુઠિયાનું વસવાટનું ગામ નહીં હોય.

જુની વહીની નોંધ મુજબની પાંખડીઓ નીચે મુજબ છે. (૧) હંસરાજ - મેઘણ - સબરાજ - સોજપાર - મહીઉ - દેઅસી - જેઠા - આસારીયો - રણમલ - નાગધર - કોકલ-


**શ્રી અરિહંત ટ્રેડિંગ**

બધી પ્રકારની હર્બલ પાવડર તેમજ
હર્બલ (જડી બૂટીઓ) ઉચિત ભાવે મળશે.
ઉપલબ્ધ : અશ્વગંધા, શતાવર, સફેદ મુસલી, કોંચ, હરડે, બહેડા, આમળા, અશોકા, અર્જુના, જાંબુના ઠડીયા વગેરે
સુવાવડી માટે ઉપયોગ આવવાવાળી બધી
હર્બલ (જડી બૂટિઓ) મળશે.
નોંધ : બધા પ્રકારની હર્બલ (જડી બૂટિઓ)ની શુદ્ધતાની ગેરેન્ટી
**Mob.: 08120231671**
email : shriarihanttrading001@gmail.com

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


લુઠિયાણી
(૨) દેસર – દેવસી – ભોજા – મહીઉ – દેઅસી (આગળ ૧ મુજબ)
(૩) ખીંયરાજ – હરપાર – પુજા- વસાઈયુ-દેઅસી-જેઠા (આગળ ૧ મુજબ)
(૪) દેવસી-દેઅરાણી – મોકો – ખીમાણી – જેઠાણી – આસરીયાણી (આગળ ૧ મુજબ)

લુઠીયાની વર્તમાન પાંખડીઓ નીચે મુજબ છે.

રાયધણજર : (૧) કુલીન – ચાંપસી – ખીંયસી – ભાણજી – દેરૂ – દેવસી – દેધર

રાયધનજર : (૨) આર્યન – અક્ષય – નરેન્દ્ર – લાલજી – ભોજરાજ – ભાણજી – દેરૂ – દેવસી – દેધર

નાની ખાવડી : (૩) સતીશ – પ્રવિણચંદ્ર – લાલજી – ખીમજી – દામજી – દેવસી – દેધર

નાની ખાવડી : (૪) રાયસી – જેતસી – દામજી – દેવસી – દેધર

રવા : (૫) વર્ધમાન – ચંદ્રસેન – શીવજી – કેશવજી – પુંજા – શીવજી

(વહીવંચા પાસેથી પૂર્ણ માહિતી મળે તો આ પાંખડી અવશ્ય ઉપરોક્ત જુની વંશાવલી સાથે મેળવી શકાય. કદાચ એક પાંખડી મળતી હોય તેવું જણાય છે.)

દામજી દેવસી લુઠિયા રાયધણજરથી મોટી ખાવડી થઈ નાની ખાવડી વસ્યા છે. અન્ય ભાઈ દેરૂ દેવસી કચ્છમાં રહ્યા. એમને સંતાન ન હોવાથી ભાઈ દામજીના પુત્ર ભાણજીને દત્તક લીધા.

દામજી દેવસી લુઠિયાના જીવન પ્રસંગ છે. ભરૂડિયા ગામની દક્ષિણે થોડે દૂર ગોળાકાર એક ધાર (નાની ટેકરીની હારમાળા) છે. આ ધાર ઉપર એક નાનકડી દેરીમાં પથ્થરનો એક પાળિયો છે જે દામજીબાપાનો છે. જો કે આજે આ દેરી અને સ્થાન વેરણ છેરણ થઈ ગયું છે. દામજીબાપા લાલપુર ગાડુ ભરી અનાજ વેંચી અને હટાણું કરવા લાલપુર નીકળ્યા. ક્યાંક નોંધમાં દામજીબાપાનો વસવાટ ભરૂડિયે હતો. એવું નોંધેલ છે. એ વખતે ખેડે તેની જમીન હતી અને લોકો ખૂબ ઝડપી સ્થળાંતરો કરતા હતા એટલે કદાચ દામજીબાપા થોડો સમય નાની ખાવડી સ્થિર થયા તે પહેલા વસવાટ ભરૂડિયે કર્યો હશે અને ભરૂડિયેથી લાલપુર અનાજ વેંચવા નીકળ્યા હશે. નાની ખાવડીથી લાલપુર અનાજ વેંચવા જવું લાંબુ અંતર ગણાય તેતી ભરૂડિયેથી ગયા હશે તે વધારે યથાર્થ લાગે છે.

લાલપુર અનાજ વેંચી બદલામાં થોડી વસ્તુ ખરીદી અને બાકી રોકડ રકમ વાંસરીમાં ભરી કેડ ઉપર બાંધી. એ વખતે નોટોને બદલે રૂપિયાના સિક્કા/ચાંદીની કોરીઓનું ચલણ અને કપડાની બે ઈંચની પહોળાઈ વારી લાંબી થેલીમાં રૂપિયા ભરી કેડ ઉપર પટાની જેમ બાંધતા. કપડાની આવી થેલીને વાંસરી કહેવાય. દામજીબાપાને લાલપુરમાં ભરૂડિયાના બાજુના રોફુદળ ગામના મુસ્લીમ મેમણનો ભેટો થયો અને કહ્યું કે ‘‘મારે તમારી સાથે આવવું છે. મારું ગામ વચ્ચે પડશે એટલે ઉતરી જઈશ.’’ દામજીબાપાને પૈસા કેડે બાંધતા મેમણે જોયેલા. બાપાએ દયા કરી મેમણને ગાડામાં બેસાડ્યા. પંથ લાંબો હતો અને ધીમે ધીમે સાંજનું અંધારૂં થવા માંડ્યું. પૈસાને જોઈને મેમણની દાનત બગડી. અંધારામાં લાગ જોઈ લુટવાનો મનસુબો કર્યો.

ગાડું મધરી મધરી ચાલે ચાલી રહ્યું હતું. બળદો પરિચિત રસ્તે જલ્દી ઘરે પહોંચવા પંથ કાપી રહ્યા છે. ગામથી એકાદ કિલો મીટરનો રસ્તો બાકી હતો અને ધાર આવી. દિવસ આખાની મુસાફરીથી ગાડા ખેડૂ બાપાની આંખ થોડી ભારે થઈ. મેમણે લાગ જોઈ ગાડામાં ખોડેલા આડામાંથી એક કાઢી બાપાના માથા પર ઘા કર્યો. દામજીબાપાને તમ્મર આવતા દૂર પડી ગયા. મેમણે કેડે બાંધેલી વાંસરી છોડી, પૈસા લઈ ભાગવા મંડ્યો. ઘાવ મજબૂત હતો એટલે મેમણનો પીછો કરવો શક્ય ન હતું કમર ઉપર બાંધેલ ગોફણ કાઢી પથ્થર ગોફણ ઉપર ચઢાવી નિશાન લેવાનો પ્રયત્ન કર્યો પણ તેમ ન કરી શક્યા. અગાઉ માણસો કેડ્યે ગોફણ બાંધતા. ગોફણમાં નાનો ગોળ પથ્થર મુકી સાડા ત્રણ આંટ ફંગોળી પાણો છોડે તો જાણે નાનકડી તોપમાંથી ગોળો છુટ્યો હોય તેમ જતો અને ધાર્યું નિશાન પાર પાડતો. કમરે બે-ચાર પથ્થર ગોફણ સાથે બાંધે અને વધારાના પથ્થરો ગાડાના પાછલા ભાગે મુકે અને જરૂર પડ્યે આ પથ્થરો લઈ ગાડાના આગડના ભાગે (ઉધ) ઉપર ઉભા રહી ગોફણથી પથ્થરો છોડતા. મેમણ નાસી છૂટ્યો.

આ બાજુ બળદો સાનમાં સમજી ગયા કે તેના માલિક ઉપર આફત આવી છે. ગાડા ખેડૂ વગર બળદો ભરૂડિયે આવી પહોંચ્યા. ગાડા ચાલક વગરનું ગાડું ગામમાં આવી ઉભુ રહ્યું. ગ્રામજનો ગાડામાં પડેલા લોહીના ડાગ જોઈ કંઈક અજુગતુ બન્યું છે તેથી લાકડી, ધારીયા લઈ નીકળી પડ્યા. ગાડા ઉપર બેઠા તો બળદો જ્યાં માલિક ઘવાયેલો પડ્યો હતા ત્યાં લઈ આવ્યા. બાપા વેદનાથી પિડાતા હતા. ગ્રામજનોએ પાણી પાયું. પાટાપીંડી કરી અને શું બીના બની છે તે પુછ્યુ. બાપાએ તુટક તુટક અવાજમાં વેદનાભરી વાણીમાં વાત કરી. ગ્રામજનો તુરત રાફુદળ મેમણનાં ઘરે પહોંચ્યા.

મેમણે ઘરે આવી કહી રાખ્યું કે કોઈ તેની તપાસ કરે તો કહેલું કે બહાર ગયો છે. ગ્રામજનોએ મેમણના ઘરે આવી પુછ્યું. મેમણ તો ડરથી કોઠીમાં સંતાઈ ગયેલ. તેની માતા ઈમાનદાર હતી. તેણે સત્ય કહ્યું. મેમણને કોઠીની બહાર કાઢ્યો. ગ્રામજનોના ગુસ્સા અને સંખ્યાથી તે ડરી ગયેલ.

ગ્રામજનોએ કહ્યું અમે તને કંઈ નહીં કરીએ. તું અમારી સાથે ચાલ અમને જગ્યા બતાડ. મેમણ સાથે સૌ ધાર ઉપર આવ્યા. મેમણે સાચી હકીકત કરી ગુન્હો કબુલી માફી માંગી. બાપાના ખોળિયામાં હજુ થોડો જીવ હતો પરંતુ ઘણું લોહી વહી ગયું હતું તેથી થોડા સમય બાદ બાપાનો જીવ નીકળી ગયો. ગુસ્સે ભરાયેલા યુવાનોએ મેમણને મારવાનું ચાલુ કર્યું. ખૂબ મારથી મેમણનું પણ મૃત્યુ થયું. લુઠિયા પરિવારોએ બાપાની ત્યાં ખાંભી બેસાડી. મેમણના પરિવારોએ પણ ત્યાં ખાંભી બેસાડી અને દર વરસે જુહારવા આવતા. સમય જતાં આ ધારનું નામ મેમણવારી ધાર કે મેમણધાર થઈ ગયું. આજે પણ આ ધાર પર આ બન્ને પુરૂષોની ખાંભી રૂપે થોડા પથ્થરો અને દેરી તથા ઓટલાના અવશેષો છે.

નાની ખાવડીના લુઠિયા પરિવારો પરણેલ કુટુંબના યુવાનોની છેડાછેડી છોડવા આ ખાંભી પાસે આવતા અને ખાંભી જુહારતા. પાછળથી બાપાની રજા માંગી હવે નાની ખાવડી ગામે જ તેના જુહાર કરે છે.

લુઠિયા ગોત્રમાંથી જ્ઞાતિસેવા અને સમાજસેવા ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપનાર શ્રી કુલીનકાંતભાઈ લુઠિયાને અવશ્ય યાદ કરવા પડે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલ આ વ્યક્તિએ ધીકતી પ્રેક્ટીસ છોડીને સમાજસેવાનો ભેખ લીધો છે. સમાજસેવામાં એટલા ઓતપ્રોત થઈ ગયા છે કે તેઓ સમાજસેવાની જીવતી જાગતી ગાઈડ અને ડીરેક્ટરી છે. છેલ્લા ૩૧ વરસથી તેઓ આ ક્ષેત્રે કાર્યરત છે. શરૂઆતમાં 'નારાયણ સેવા મંડળ' અને હાલ 'માનવ જ્યોત'માં કાર્યરત છે. સમાજસેવાના દરેક ક્ષેત્રે તેઓ આગળ પડતા છે. પશુ-પક્ષીઓને દાણા-પાણી, તબીબી સહાય, બાલઉત્કર્ષ, બ્લડ બેન્ક, મેડિકલ કેમ્પસ, જનજાગૃતિ, ડ્રગ બેન્ક, બિનવારસ મૃતદેહોને આખરી મંજિલે પહોંચાડવું, હૃદય, કિડની, કેન્સર જેવા મોટા રોગો વખતે નાણાકીય સહાય, ચક્ષુદાન, અંગદાન અંગે પ્રજામાં સમજ આપવી, સેવાકાર્ય માટે ભંડોળ એકઠું કરવું, વિકલાંગ બહેનોને આવાસ, જરૂરિયાતમંદોને નિઃશુલ્ક દવાઓ આપવી, સમાજસેવા આપતી સંસ્થાઓની 'ધી ગાઈડ ટુ સોશિયલ વર્ક' ની વિશાળ ડીરેક્ટરી પ્રકાશિત કરવી જેવી અગણિત સેવા આપી રહ્યા છે. સેવાના મસીહા કુલીનકાંતભાઈને સો સો સલામ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## વતનના વહેણ :
## ધોળાવીરાની દીવાલને વ્યાપક નુકસાન પહોંચાડાયું

સીમાવર્તી જિલ્લા કચ્છની પ્રવાસન ઉદ્યાગમાં અને દેશના સાંસ્કૃતિક વારસા, સ્મારકોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી પાંચ હજાર વર્ષ જૂની હડપ્પીય વસાહત ધોળાવીરામાં ઉત્ખનન કાર્ય સંપન્ન થયા પછી તેને ફેન્સિંગ કરવાની કામગીરી દરમ્યાન કિલ્લાની દક્ષિણ તરફની બહારની દીવાલને વ્યાપક નુકસાન પહોંચાડાયું હોવાના સમાચાર બહાર આવતા પુરાત્ત્વપ્રેમીઓમાં આઘાતની લાગણી ફેલાઈ છે, તો બેદરકારીપૂર્વક કરાયેલી કામગીરીથી રોષ પણ ફેલાયો છે.

વિશ્વ વારસા તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરતી હડપ્પીય વસાહત ધોળીવીરામાં સાઈટને ફેન્સિંગ કરવાની કામગીરી દરમ્યાન જવાબદાર અધિકારી/કર્મચારીઓની ગેરહાજરીમાં કામગીરી સંભાળનારા કારીગરોએ જેસીબીથી ખાડો ખોદતી વખતે હડપ્પીય વસાહતની દક્ષિણ તરફની દીવાલને ૩૦૦ મીટર જેટલી ખોદી નાખતાં આપણા પૂર્વજોના પદચિહ્ન જાળવતી વસાહતને ક્યારેય ન પૂરાય તેવું નુકસાન કરાયું છે. અતિ દુઃખની વાત તો એ છે કે ભારતની હડપ્પીય સાઈટોમાંથી એક ધોળાવીરા જ એકમાત્ર એવું નગર છે કે જેને રક્ષણ કરતી બહારની દીવાલો અસ્તિત્વ ધરાવતી હોય એવામાં આ કાર્યવાહીથી સાઈટને પારાવાર નુકસાન થયું છે.

હડપ્પીય વસાહતને વધુ નુકસાન થતું અટકાવવા હાથ ધરાયેલું કામ તાત્કાલિક અટકાવવા તથા થયેલા નુકસાનનો હેવાલ તૈયાર કરવા વરિષ્ઠ પુરાતત્ત્વવિદ્દોએ ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ વિભાગના વડા મથક નવી દિલ્હી ખાતે રજૂઆત કરી છે.

ધોળાવીરાની દીવાલને થયેલા નુકસાનની જાણ ખડીરના જનાણ સહિતના ગામના લોકોને થતાં આ વસાહત સાથે તેમની લાગણીઓ જોડાયેલી હોતાં અત્યંત આઘાતની લાગણી સાથે વરિષ્ઠ પુરાતત્વવિદ્દોને તેમણે તાત્કાલિક જાણ કરી થયેલા નુકસાનની વિગતો પહોંચાડતાં સમગ્ર બીના બહાર આવી છે.

**- કચ્છમિત્રનો અહેવાલ**


**આયરીસ બેંકવેટ** એ.સી. હૉલ
**Iris** Banquette

Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION

• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ

Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

**આરોગ્ય પ્રકાશ :** આરોગ્ય માટે ઉપયોગી માહિતી

- **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

**૫. વેકેશન ક્લાસીસ :** આજકાલ માબાપ ૫ થી ૭ વર્ષના નાના બાળકોને વેકેશનમાં પણ વિવિધ ક્લાસીસ, એક્ટીવીટીઝમાં (બાળકને મન હોય કે ન હોય) ધકેલે છે. કુમળા બાળક માટે વિચિત્ર આ જોરદાર હરીફાઈ અને અજુગતી ઈચ્છાઓ બાળકોના માનસને, મગજને ઘણીવાર હાની પહોંચાડે છે. ફનટાઈમ પુરવાર થવાને બદલે સ્ટ્રેસફુલ - તાણવાળો સમય પુરવાર થાય છે.

મોટા ભાગના માબાપ આગ્રહ રાખે છે કે તેમનું બાળક અલગ અલગ એક્ટવીટીઝમાં ધ્યાન આપે નહીં તો તે જીવનમાં સફળ નહીં થાય. સાતેક વર્ષના બાળકને અમુક માબાપો પબ્લીક સ્પીકીંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ફ્રેન્ચ ભાષાના વર્ગોમાં મોકલે છે. એકને જોઈને બીજા માબાપો પણ એમ કરવા લાગ્યા છે.

બાળકની બૌદ્ધિક, શારીરિક શક્તિ પ્રમાણે અને એને કઈ લાઈનમાં, વિષયમાં રસ છે એ પ્રમાણે ક્લાસીસ કરાવવા જોઈએ. યોગ્ય દિશામાં વાળવું જોઈએ. હોબી ક્લાસીસ, વિદેશી ભાષાઓ, રેડીયો જોકીઈંગ, ફિલ્મ મેઈકીંગ, સ્ક્રીન પ્લે રાઈટીંગ થી લઈ ભૂગોળ અને ચોક્કસ જગ્યાની રહેણી કરણી માટે ઓવરનાઈટ કેમ્પ પણ ક્લાસીસવાળા રાખે છે. ઈતર પ્રવૃત્તિ પાછળ બાળકોની વેકેશનમાં મજા, રમતગમત છીનવી લેવા જોઈએ નહીં. અને બાળકના માનસિક-શારીરિક તબીયતના ભોગે નહી.

આ એક્ટવીટીની 'રેટરેસ'માં ક્યારેક બાળક શારીરિક કે માનસિક રીતે ભાંગી પડે છે. બાળકને રમતા વેકેશનનો આનંદ, ડે ડ્રીપીંગ કરતાં કરતાં કાંઈક એને પોતાને ગમતું નવું શીખે એ રીતે બેલેન્સ શીખવાય તો જ એનું બાળપણ આનંદમાં જશે અને એ યુવાનીમાં સફળ પણ થશે.

**૬. કડવો લિમડો :** રોજના ૫ થી ૧૦ કડવા લીમડાના પાન સ્વચ્છ પાણીથી ધોઈને ચાવવાથી લોહી શુદ્ધ થશે. ડાયાબિટીસમાં ફાયદો થશે, એસીડીટી ઓછી થશે, લીવરના કાર્યમાં સુધારો થશે, ચામડીની બિમારીઓમાં ફાયદો થશે અને આરોગ્ય સુધરશે. શુદ્ધ લિમડાનું તેલ (નીમ્બતેલ) ૧ ભાગ અને ૪ ભાગ નારીયેળ તેલ કે ઓલીવ ઓઈલ ભેગા કરી ચામડી પર લગાડવાથી મચ્છર જેવા જંતુઓ દૂર રહેશે, ચામડીની બિમારીમાં ઘા-જખમમાં ફાયદો થશે.

માથામાં ખોડો થયો હોય તો નિમ્બ તેલમાં કપુર પાવડર કે કોપરેલ તેલ મિક્સ કરી માથામાં માલીશ કરી ૧ કલાક રહેવા દઈ પછી અરીઠાના પાણીથી ધોઈ નાખો. અઠવાડીયે ૧ વાર આમ જ્યાં સુધી ખોડો હોય ત્યાં સુધી કરો.

ગળુ બગડયું હોય તો ૩ લીમડાના પાન ૧ કપ પાણીમાં ઉકાળી, ઠંડું કરી, થોડું ચોખું મધ ઉમેરી કોગળા કરો.

ચામડીના રક્ષણ માટે લીમડાના થોડા પાંદડા પાણીમાં ઉકાળી એ પાણી નહાવાના પાણીમાં નાખી, એમાં રોઝ વોટર ઉમેરી નહાવું. મોયડા, મોં પર પાની ફોડી ફન્સી, ચામડીની બિમારી માટે લીમડાના પાનના પાવડર પાણીમાં મેળવી પેસ્ટની જેમ બિમારોની જગાએ લગાડવાથી ફાયદો થાય છે.

ઘઊં, ચોખા, દાળોને સાચવવા એમાં થોડા સૂકા લીમડાના પાળા મુકવાથી અનાજ સચવાઈ રહે. ૨-૩ મહીને પાંદડા બદલવા.

**૭. ઓફીસમાં આરોગ્યાની સંભાળ :** ઓફીસમાં કામકાજ માટે ઘણો સમય બેસી રહેવું પડે કે તો સમય હોય તો બુટ, સેન્ડલ કાઢી નાખી પગને ખુલ્લી હવામાં રાખો જેથી ફંગસ, બેક્ટેરીઆના જેમ પગના ઈન્ફેશન ન થાય. કમ્પ્યુટર, લેપટોપ પર કામ કરનારે વધુ સમય સ્ક્રીનપર નજર ન રાખવી. સ્ક્રીન પરના અલ્ટ્રાવાયોલેટ કિરણ આંખોને, ચામડીને નુકસાન કરે છે. વચ્ચે વચ્ચે આંખો સ્ક્રીન પરથી દૂર કરતા રહો. સ્ક્રીનપર એન્ટીગ્લેર કોટીંગ લગાવવું સારૂં.

એસીની હવા સીધી શરીર પર આવે તો ચામડીનું પાણી આદ્રતા શોષાશે. એસીનું ડાયરેક્શન બદલો. ચામડી સૂકાય તો ચામડી પર મોઈસ્યરાઈઝર લગાડો. એક જ જગ્યાએ બેસી રહેવાથી આરોગ્યને નુકશાન થાય છે. બની શકે તો વચ્ચે ઉઠી એકાદ ચક્કર મારો. ચા ટાળવી સારી પણ પીતા હો તો કોફી કરતાં ચામાં ફાયદાકારક એન્ટીઓક્સીડંટ હોય છે માટે તે લ્યો અને ઓફીસમાં બેસીને કામ કરનારે ચા બેરસીને પીવા કરતા ઊભા ઊભા કે હરતા ફૂરતા પીઓ જેથી વધુ વખત બેસવાથી થતા નુકસાનથી બચી જશો.

કામકાજમાં પાણી પીવાનું ભુલાય છે તેથી કામકાજના ટેબલપર પાણીની બોટલ રાખો અને પાણી સમયસર લ્યો. પેપર કપમાં ચા-કોફી પીતા હો તો બંધ કરવું એનું મીણ પેટમાં જવું ન જોઈએ.

**૮. આવળા :** આવળાને ચ્યવનમુનિએ મશહુર કર્યા છે. એ સૌથી વધુ વિટામીન સી ધરાવતું ખાદ્ય છે. એમાં ૧૦૦ ગ્રામ આવળામાં ૬૦૦ મી.ગ્રા. પ્રજીવક વીટામીન 'સી' હોય જે રોગપ્રતિકાર શક્તિમાં ભારે વૃદ્ધિ કરે છે. એથી બિમારીઓ થતી નથી. રેસાતત્વો ૩.૪% છે જે શરીરમાં કોલેસ્ટ્રોલ, ચરબી વધવા દેતા નથી, પેટ સાફ થાય છે. આમળામાં રહેલું વિટામીન 'સી' લાંબા સમય સુધી નાશ પામતુ નથી અને છાયડામાં આમળાને સુકવવાથી એની માત્રા વધે છે. એમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને લોહ અને કાર્બોદિત પદાર્થ પણ હોય છે. એમાં ગેલિક એસિડ અને આલ્બ્યુમિન (પ્રોટીન) પણ મળી આવે છે. ૧ આમળામાં ૧૬ કેળા અથવા ૩ નારંગીમાંથી મળતા વિટામીન 'સી' કરતા વધુ મળે છે. એમાં જેટલા રોગનિવારક ગુણો છે એટલા અન્ય

કોઈ ફળમાં નથી. કાયાકલ્પ કરવા માટે તે ઉત્તમ છે. આમળા કોઈ પણ ઋતુમાં, કોઈ પણ પ્રકૃતિ, કાળ, સ્થળ અને વય માટે પથ્ય છે. વધુમાં વધુ લાભ મેળવવા તેનો રસ પીવો જોઇએ એના ટુકડા કરવા સ્ટીલની છરી વાપરવી, લોખંડની નહી. સવારે નરણે કોઠે રસ પીવાથી વધુ ફાયદો થાય.

આ ફળ ખાઈએ ત્યારે મોટામાં લાળ વધુ ઝરે છે, દાંત મજબુત થાય છે. આમળા ખાવાથી કે રસ પીવાથી લીવરનું કાર્ય સુધરે છે, ભુખ લાગે છે, લોહી શુદ્ધ થાય છે, નિયમિત ખાવાથી કે રસ પીવાથી ચહેરાની, શરીરની ચામડી ચમકે છે, કરચલીયો દૂર થાય છે, સફેદ વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વૃધ્ધત્વ દૂર થાય છે આમળાથી વાળ ધોવાથી વાળના કુદરતી કન્ડીશનર તરીકે કામ કરે છે. ડાયબિટીઝવાળાને ફાયદો થાય છે આમળા ચૂર્ણ અને સાકર સરખે ભાગે લેવાથી લોહીની સાકર ઘટે છે આમળા એક રસાયણ છે આમળાની સીઝનમાં આમળા ખાવ કે રસ પીઓ અને સીઝન ન હોય ત્યારે આમળા ચૂર્ણ, રસાયણ ચૂર્ણ (આમળા ગળો, ગોખરૂ) ઘરે બનવેલ આવળા સોપારી, મુરબ્બા (ડાયબીટીઝ ન હોય એમણે લેવા) ચ્યવનપ્રાશ વગેરે નિયમિત લઈ શરીરને નિરોગી રાખો. આમળાનું ફળ મોટા લીંબુ જેવડું, આંબા લીલાશ પડતા રંગવાળુ અને ઊલ્ટી લીટીઓ બાજુ હોય છે. આમળાના જેવા જ બીજામાંના ખાસ રુચિકર ફળ વેચાય છે. તેમાંથી બારીક ગોળ ઠળિયા નિકળે છે તે કોઈ જ ફળ છે. અસલી આમળા લ્યો અને એના વડે કાયાકલ્પ કરો.

## ચારિત્ર્ય હનન કરતા નનામા પત્રોને જાકારો અપાવવો જ જોઇએ

**તંત્રી નોંધ : ગત સપ્તાહમાં, આપણી જ્ઞાતિમાં જ્યાં એક હજારથી વધારે કુટુંબો વસે છે તેવા મુંબઈના એક પરામાં એક મહિલા સામાજિક કાર્યકરને લક્ષ્ય બનાવી. તેમના ચારિત્ર્ય બાબતે બેફામ ગંદી ભાષામાં લખાયેલ નનામો પત્ર તે પરામાં અને અન્યત્ર જ્ઞાતિ કુટુંબોમાં મોકલાયા છે. તેમાં હલકી તેમજ સાથે સાથે ડરપોક મનોવૃત્તિ અને વિકૃત માંદલા માનસ પ્રતિબિંબિત થાય છે તે ખરેખર નીંદનીય કૃત્ય અને સમાજ માટે કમનસીબ ઘટના છે.**

નનામા પત્રોને જાહેર જીવનનો ન સ્વીકારી શકાય ને ન ટાળી શકાય તેવું અંગ માનવા રહ્યા. આ નનામા પત્રો અલગ અલગ પ્રકારના હોય છે.

કેટલીક વખત સમાજિક આગેવાન જેણે પોતાની કાબેલિયતથી નહીં પણ શામ દામ દંડ ભેદની નીતિથી ધાક બેસાડી હોય તેને અરીઓ બતાવવા માટે પણ નનામા પત્ર લખાતા રહે છે. તો કેટલીક વખતે જાહેર જીવનમાંના બેવડા ધોરણ ખુલ્લા પાડવા માટે પણ નનામા પત્ર લખાતા હોય છે આ બન્ને પ્રકારના પત્રોમાં વત્તે ઓછે અંશે જેમનો જાહેરમાં સામનો કરવાથી એવી હિંમત બતાવનારને નુકસાન થવાનું હોય એટલે મજબૂરીથી આ રીત અપનાવવામાં આવી હોય છે.

જ્યારે કેટલીક વખત સંસ્થા કે સમાજમાં જૂથવાદ ઊભો થાય અને એટલે સામેના જૂથને નીચાજોણું કરી પોતાના જૂથનું ગૌરવ વધારવા તથા તેને માટે જન સમર્થન વધારવા આ પ્રકારનો રસ્તો આપનાવવામાં આવે છે. ખાસ કરીને ચૂંટણી વખતે આ વ્યવસાય ફૂલેફાલે છે.

સૌથી ગંભીર અને નિંદનીય પ્રકાર હોય તો તે ચારિત્ર્ય દોષારોપણાનો છે તેમાંય જ્યારે કોઈ મહિલા સામે તેનો ઉપયોગ કરવામાં આવે તો તે માત્ર તે મહિલા સામેનો નહીં આખા ય સમાજ સામેનો દ્રોહ માનવો રહ્યો. આ લખનાર એ નથી જાણતો કે એક આંગળી જેની સામે ચીંધે છે, તો બીજી ત્રણ આંગળીઓ પોતાના તરફ પણ આવે જ છે. મહિલાને હથિયાર બનાવીને ગર્વ લેતી વ્યક્તિની મનોવૃતિ ખૂબજ હીન ગણાય.

આખા સમાજે ભેગા થઈને આવો પત્ર લખનારને ઝાટકણી કાઢવી જોઇએ જેથી એ લખનારને ખબર પડે સમાજે તેની વાત માની નહીં એ તોં ઠીક ઉલ્ટાનું તેને સમાજદ્રોહી માને છે. આવું કાંઈક થાય તો જ નીચલી હદે ઉતરીને નનામા પત્ર લખવાની વૃતિ પર અંકુશ આવે.

આજકલ એવું થાય છે કે કેટલાક લોકો આવા નનામા પત્રોને મનોરંજનનું સાધન માને છે. તેઓ નનામા પત્રમાં જણાવેલી વસ્તુઓને મીઠું મરચું ભભરાવી તેને રજનું ગજ કરે છે. લોકોની આવી મનોવૃત્તિથી નકારાત્મક નનામા પત્ર લખનારને આડકતુરું પ્રોત્સાહન મળે છે. સરવાળે થાય છે એવું કે લોકો જાહેર બાબતો માટે મળવા કરતાં ભેગા મળે ત્યારે આવા મસાલાનો સ્વાદ લેવા ઉતરી પડે છે અને જાહેર જીવનમાં ગંભીરતા ઓછી થાય છે.

આશા રાખીએ કે નનામા પત્ર લખનાર અને તેમાંથી ટેસડા લેનાર બન્ને પોતાના હલકા વેરભાવ અને મનારંજન વૃત્તિથી સમાજ જીવન પર શું અસર પડે છે એ વાત ધ્યાનમાં રાખી કોઈ વિશેષ પરિસ્થિતિ સિવાય બેધારી આ હથિયારનો ઉપયોગ ન કરવાનો સંકલ્પ કરે.

**- ચંદ્રસેન મોમાયા**


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ

કચ્છ એકમ ના હોદેદારો અને કારોબારી કમિટી ના સભ્યો એ જુન-૨૦૧૬ માં અબડાસા અને ભુજ તાલુકામાં વસતા આપણા જ્ઞાતિજનો ના ઘરો ઘર જઈ રૂબરૂ મુલાકાત કરી દરેક કુટુંબની સંપૂર્ણ માહિતી મેળવેલ તેમજ એમની સાથે આર્થિક અને શૈક્ષણીક પ્રશ્નોની ચર્ચા કરેલ અને તેમના વિચારો જાણવાની કોશીશ કરેલ એ સાથે મેડીક્લેમ અને એક્સીડન્ટ મેડક્લેમ વીમા પોલીસી માટે જાગૃતી લાવવા પ્રયત્નો કરેલ. જેમાં જ્ઞાતીજનો એ બહુજ ઉત્સાહ દાખવેલ.

આ મુલાકાતમાં અબડાસા અને ભુજ તાલુકાના લગભગ બધાજ ગામોને આવરી લેવામાં આવેલ છે છતાં પણ કોઈ ગામ કે કુટુંબની મુલાકાત રહી ગઈ હોય તો તેઓશ્રી એ કચ્છ એકમના કોઈપણ કારોબારી સભ્ય નો સંપર્ક કરવા વિનંતી છે.

હવે બીજા રાઉન્ડમાં માંડવી/મુન્દ્રા/અંજાર અને ગાંધીધામમાં તાલુકાને આવરી લેવાનું આયોજન છે.

### કોઈમ્બતુરના મુનિસુવ્રતસ્વામી જિનાલયની વર્ષગાંઠ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર તથા શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટના ઉપક્રમે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયની પ્રથમ વર્ષગાંઠ ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ સહિત સાનંદ સંપન્ન થઈ.

આ પ્રસંગે પ.પૂ. મુનિપ્રવર ગુરુદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. ઠા. ૩ કોચીન થી ઉગ્ર વિહાર કરીને નિશ્રા પ્રદાન કરેલ.

પ્રથમ દિવસ તા. ૮-૬-૨૦૧૬ના વિમલ વિદ્યા અનુષ્ઠાન તથા સ્વામી વાત્સલ્યના લાભાર્થી માતુશ્રી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર, ગામ નાની ખાવડી તરફથી.

બીજા દિવસે તા. ૯-૬-૨૦૧૬ના અઢાર અભિષેક રાખવામાં આવેલ. જેમાં સંઘના દરેક પરિવારોએ લાભ લીધેલ. અભિષેક દરમ્યાન ૧) શ્રી ચંદ્ર દર્શનનો માતુશ્રી કાન્તાબેન કાનજી લોડાયા પરિવાર (૨૨૨૨ મણ). ૨) શ્રી સૂર્ય દર્શનનો લાભ શ્રી સુરેશ મણીલાલ મૈશેરી પરિવાર (૨૩૨૩ મણ). ૩) શ્રી મુનિસુવ્રત દાદાની પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો લાભ કુમારી હિરલ પ્રદિપ રતીલાલ લોડાયા પરિવાર (૯૯૯૯ મણ). ૪) પ્રભુજીની આરતી માતુશ્રી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર (૬૬૬ મણ). ૪) મંગલ દીવો માતુશ્રી ધનલક્ષ્મીબેન દિનેશ લોડાયા પરિવાર (૬૬૬ મણ) ૬) શ્રી શાંતિ કળશ શ્રી કમલેશ ગોવિંદજી નરપાર નાગડા પરિવાર (૨૭૨૭ મણ).

સ્વામી વાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ.

ત્રીજા દિવસે તા. ૧૦-૬-૨૦૧૬ના સત્તરભેદી પૂજા તથા ધ્વજારોહણ કરાવામાં આવેલ.

ધ્વજારોહણ તથા સ્વામીવાત્સલ્યના લાભાર્થી માતુશ્રી પુરબાઈ લક્ષ્મીચંદ ચાંપશી દંડ - લાલા તથા માતુશ્રી સરલાબાઈ રતિલાલ ટોકરશી લોડાયા - સાંયરા પરિવાર.

વિધિ વિધાન માટે શ્રી કેવલભાઈ સાવલા કચ્છ ભૂજથી સંગીત મંડળી સાથે પધારેલ.

### મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૧૦.૭.૨૦૧૬ના રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ (ધુલ્લા) પરિવાર - ભરૂડીયાવાળાએ લીધલ છે.

### હુબલી ચાર્તુમાસ

હુબલી નગરે સાધ્વીશ્રીજી પ. પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા. (આદીઠાણા ૩) નો ચાર્તુમાસ પ્રવેશ, અષાઢ સુદ ૮ મંગળવાર તા. ૧૨.૦૭.૨૦૧૬ ના સવારે ૯.૦૦ વાગે થી થશે. અત્રે અજિતનાથ પ્રમુનું જિનાલય ૧૦૮ વર્ષ જુનું પ્રાચીન તીર્થરૂપે છે.

**ક્ષમાયાચના**

• પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૫માં પાના નં. ૫ ૫૨ પ્રગટ થયેલ **જૈનોએ બુધ્ધ ધર્મિઓની જેમ લઘુમતી હોવા છતા પોતાના સમૃધ્ધ વારસાના પ્રચાર કરી સંખ્યા વધારવી જોઈએ** એ લેખના લેખક **શ્રી લક્ષ્મીચંદ બી. લાપસીયા (જલગામ)** છે.

• પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૬માં **રાણપુર દેરાસર વિષયક ચર્ચાપત્ર**ની તંત્રી નોંધમાં પહેલા ફકરામાં છપાયેલ શબ્દ **'સાધારણ'**ને બદલે **'આધારહીન'** એમ વાચવું.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

હાડકાનો કેમ્પ શનિવાર, તા. ૨૩-૦૭-૨૦૧૬ના બપોરના ૩.૩૦ વાગ્યાથી ૫.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૩-૦૭-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૪-૦૭-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

## પાસ થયા અભિનંદન

નોંધ : જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**કાજલ જૈન**
BCA માં **77%**



**હર્ષ (છાયા) નલિન ધુલ્લા**
S.S.C માં **79.80%**



**ખુશબુ જિતેન્દ્ર ધરમશી**
ગોરખડી - ડોંબિવલી
B.Com (Semester IV)
CGPA **5.04**



**નિધી (દક્ષા) દેવેન્દ્ર માલદે**
ડોંબિવલી
H.S.C. માં **83.08%**



**વિશ્વા કિશોર માલદે**
ડોંબિવલી
H.S.C. માં **79.85%**



**એકતા સુનીલકુમાર લોડાયા**
મોટી ખાવડી - જામનગર
S.S.C. માં **91.14%**



**જયશ્રી સંજય છેડા**
સુજાપુર - જલગામ
S.S.C માં **73.20%**



**તનય મયંક ખોના**
નાગપુર - 10th (CBSE)
CGPA **10 (93.2%)**





**રિધ્ધી કિરણ નાગડા**
નલિયા - ડોંબિવલી
S.S.C. માં **91.60%**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિશોર પી. લોડાયા** | કોપરખૈરાને. મો.: ૯૩૨૦૧ ૭૭૩૭૭ / ૮૯૯૨૯ ૨૨૪૨૦ |
| **પ્રવિણ જીવરાજ શાહ (લોડાયા)** | અગાસ/આણંદ. મો.: ૯૩૭૪૮ ૮૫૧૮૭ / ૭૬૦૦૮ ૦૩૧૮૮ |
| **સરોજબેન પ્રવિણ શાહ (લોડાયા)** | અગાસ/આણંદ. મો.: ૯૫૩૭૭ ૭૫૮૧૭ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૧૬-૦૫-૧૬ | હુબલી | પાર્શ્વ, હેમલતા જયદીપ કાંતીલાલ મોમાયા | સાંયરા | પુત્ર |
| ૦૮-૦૬-૧૬ | મલકાપુર | હિતાંશ, પ્રતિભા નિલેશ સુનીલ હેમરાજ લોડાયા | સુથરી | પુત્ર |
| | | **લગ્ન** | | |
| ૦૨-૦૧-૧૬ | ડોમ્બીવલી | વિવેક પરેશ ઝવેરચંદ જીવાણી | જખૌ | ૨૩ |
| | ઘાટકોપર | નેહા મહેન્દ્ર પદમશી ખોના | તેરા | ૨૩ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૨૯-૦૪-૧૬ | બેંગલોર | અમેય મંગેશ શિશલી | બેંગલોર | ૩૬ |
| | હુબલી | હેમલ હીરેન ચિમનલાલ લાલકા | વારાપધર | ૩૨ |
| | | **સગપણ છૂટા** | | |
| ૨૩-૦૬-૧૬ | સાંધણ | વિરલ કીરીટ રતનશી નાગડા | સાંધણ | ૩૬ |
| | સાંધણ | ચાર્મી કિર્તી વેલજી ધરમશી | સાંધણ | ૩૨ |
| | | **મરણ** | | |
| ૧૦-૦૬-૧૬ | જલગામ | પ્રણવ જ્યોતિ નવીન સોમચંદ ધુલ્લા | સુથરી | ૨૦ |
| ૨૦-૦૬-૧૬ | વડોદરા | રતિલાલ કાનજી પુનશી ધુલ્લા | સુથરી | ૬૬ |
| ૨૬-૦૬-૧૬ | હિંગોલી | કિરણ કાંતિલાલ પદમશી દંડ | લાલા | ૩૮ |
| ૨૯-૦૬-૧૬ | ડોમ્બીવલી | માતુશ્રી હીરબાઈ ગોવિંદજી લોડાયા | ગોએરસમા | ૮૬ |
| ૩૦-૦૬-૧૬ | વડાલા | અમિત જયા નાગડા | તેરા | ૪૩ |

## કચ્છે ૮૦ ટકા કેસર કેરી નિકાસ કરી

છેલ્લા એક દાયકાથી કચ્છની કેસર કેરીએ આરબ દેશો તેમજ સિંગાપોર, કેનેડા, બ્રિટન જેવા વિદેશોની બજારમાં રંગ, સ્વાદ અને સુગંધના અનોખા સમન્વયનાં કારણે આદરભર્યું સ્થાન ઊભું કર્યું છે. કચ્છી કિસાનોના પરિશ્રમ, પ્રયોગશીલતાના કારણે પાકિસ્તાની કેરીને પછડાટ અપનારી કચ્છી કેસરની નિકાસમાં વરસો વરસ વધારો આવી રહ્યો છે.

આ વર્ષે વિપરિત હવામાનના કારણે ઓછાં ઉત્પાદન છતાં વિદેશા બજારમાં માંગ વધી ત્યારે હવે ખાસ કરીને અમેરિકા તેમજ યુરોપની બજાર પર મીટ માંડતા કચ્છી કેસર કેરીનું, તેવી માંગ કરી રહ્યું છે.

તલાલા અને વલસાડની કેરી કરતાં વીસ રૂપિયા વધુ આપીનેય વિદેશી બજાર કચ્છી કેસર પર જ કળશ ઢોળે છે, ત્યારે ખાસ તો સરકાર સાથ આપે તો આવતા વર્ષે યુરોપીય દેશોમાં પણ કચ્છી કેસર માટે મોટી બજારનાં નવાં જ દ્વાર ખુલી શકે તેમ છે.

ખાસ કરીને કચ્છમાં ગ્રેડિંગ હાઉસ, કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસિંગ યુનિટ, રાઈપરી ચેમ્બર, ગામા રેડિયેશન યુનિટ તેમજ વરસોથી જેની માંગ થતી આવી છે તેવી એક કાર્ગોની સુવિધા સીધી કચ્છમાંથી જ મળે તો યુરોપની બજારમાંયે કચ્છી કેસરનો ડંકો વાગે તેવો મત કચ્છી નિકાસકાર જગત એકીઅવાજે વ્યક્ત કરી રહ્યું છે.

*Hearty Congrutations !*

# કુમારી ઝીલ કેતન મહેશ્વરી

B.E. (E.E.), M.S. in Elect. Engg for Oklahoma State University (OSU) (USA)

**સાંચરા-હુબલી   D.O.B. : 23-07-1989**



Kum. Zeel has been selected to present paper on "Smart Integrated Renewable Energy Systems (SIRES) in rural communities", in IEEE Power and Energy Society (PES) General meeting to be held from 17th-21st July 2016, at Boston, USA, This happens to be one of the largest conferences in the field of Power and Energy, where scholars around the world gather.

*"We wish her All the Best."*

She has also won the college-level 3 minute Thesis Competition at Oklahoma State University and represented her college in the university finals.

***Currently, she is in her final stage of* Ph.D. in Electrical & Computer Engineering *at OSU with specialization in Renewable Energy,***

**એની ઉત્તરોત્તર યશસ્વી ભાવિ માટે અમે શુભકામના પાઠવીએ છીએ.**

શુભેચ્છા અને આશિર્વાદ :

**દાદાણા :** શ્રીમતી કાંતાબેન મણીલાલ હંસરાજ મૈશેરી પરિવાર, મઝગાંવ-મુંબઈ

**નાનાણા :** શ્રીમતી હીરાબેન ભવાનજી હીરજી શિયાલ પરિવાર, રાયપુર-છત્તીસગઢ

માતા-પિતા :

**રીટા કેતન મણીલાલ મૈશેરી, હુબલી**

Cell : 09448132185

E-mail : ketanhubli@gmail.com

## સખીવૃન્દ પુના દ્વારા મહિલાઓની વરીષ્ઠ અને યુવા પેઢી વિશેષ મિલન

સખીવૃન્દની કમીટી બહેનોએ તા. ૧૧ જૂનના સમાજની વરિષ્ઠ મહિલાઓને એકત્ર કરી એક અનોખો કાર્યક્રમ પ્રગતિ આરાધના ભવનમાં યોજ્યો.



રોજિંદા જીવનની ઘટમાળથી થોડા સમય માટે મુક્ત થઈ હળવાશની પળો વિતાવે. ખુલ્લા દિલથી એકબીજા સાથે વાતચીતનો દોર સંચાર થાય, મેળાવડો થાય તથા પૂજ્ય વડીલોના અનુભવ દ્વારા સલાહ સૂચનથી આજની યુવાપેઢીને કંઈક ઉપયાગે શીખવા મળે એ હેતુથી આ કાર્યક્રમ યોજાયેલ.

બેઠકનો શુભારંભ કચ્છી ગરબાથી થયો. તાળીઓના તાલે, ચપટીના સથવારે ગરબાની રમઝટ રમી સૌએ એનો અનેરો આનંદ મેળવ્યો. ફુગ્ગા હવામાં ઉછાળવાની રમત રમાઈ, જેમાં બહેનો શારીરિક દર્દને વિસારે પાડી છેલ્લે સુધી જજૂમ્યા. શહેરના નામની અંતાક્ષરીમાં મગજને કસી ઉલ્લાસપૂર્વક ભાગ લીધો. છેલ્લી રમત ''પાસિંગ ધ પાર્સલ''માં પાર્સલ બાજુની વ્યક્તિને સોંપાઈ જાય તો જાણે જંગ જીત્યાનો લ્હાવો લીધો. દરેક રમતમાં હર્ષપૂર્વક વડીલ બહેનોએ ભાગ લીધો. કચ્છી કેહવત, કચ્છી ઉખાણાં, કીચન ટિપ્સ, આનંદનો પ્રસંગ વ્યક્ત કરવો, ધર્મના પ્રશ્નો ના ઉત્તર આપવામાં સારો પ્રતિસાદ આપ્યો. ૬૦ વર્ષ પછીના અનુભવ વર્ણવા તથા આજની પેઢીને તમારા તરફથી શું સંદેશ છે એ વિષય પર બધાએ પોતાના મંતવ્ય રજૂ કર્યા. પુષ્પા લોડાયાના કલા કસબથી જાતે બનાવેલ ઇનામ દરેક રમતના બે વિજેતાને અપાયા. તેમજ આ કાર્યક્રમની યાદગીરી રુપે દરેકને હાથે બનાવેલ મોબાઈલ કવરની ભેટ અપાઈ. ત્રણ વિશિષ્ટ ઈનામ વંદના ધરમશી દ્વારા અપાયેલ. મીતા લાલકાએ દરેક વડીલના વિશિષ્ટ ગુણો રજૂ કરી પૂર્ણાહતિ કરી.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001



।। तीर्थाधिपति श्री मेरुतुंग-गोडी पार्श्वनाथ स्वामि नमः ।।

।। नमो नमः गणभृत गोयम-सुहम्म गुरु आर्यरक्षित-गुणसागर सूरिभ्यो ।।



सकल संघ

# ।। निमंत्रणम् ।।



गच्छेश प.पू.आ.भ.
श्री गुणसागरसूरिजी म.सा.

## श्री आर्य गुण गुरुकृपा जैन तीर्थ
## रामजी का गोल



## भव्य अंजनशलाका-
## प्रतिष्ठोत्सव एवं जाजम मुहूर्त



गच्छेश प.पू.आ.भ.
श्री गुणोदयसागरसूरिजी म.सा.

**मंगल महोत्सवः**
११ से २२ जनवरी २०१७

**पावनकारी प्रतिष्ठोत्सवः**
२१ जनवरी २०१७, शनीवार

**प्रतिष्ठा जाजम मुहूर्तः**
२ अक्टुबर २०१६, रविवार

**पुण्य प्रभावी निश्राः**
सूरिगुणसिंधु पट्टालंकार
राजस्थान दक्षिण दीपक
गुरुकृपा तीर्थ प्रेरक प.पू.आ.भ.
**श्री कलाप्रभसागरसूरीश्वरजी महाराजा**



श्री मेरुतुंग-गोडी पार्श्व जिनालय सह प्रथम बार निर्मित्
द्वादश राशि देवकुलिका दादावाडी की भव्य अंजनशलाका
प्रतिष्ठामहोत्सव सह विभिन्न धार्मिक अनुष्ठान आयोजित होंगे !
समस्त सकल श्री जैन संघ-महाजन-तीर्थ गुरुभक्तों
दर्शन वंदन के साथ साथ सभी कार्यक्रमों में भाग लेकर
जिनशासनकी शोभा बढावें!

**आपका आगमन... तीर्थ गुरु की बढे शान...**

निमंत्रक : तीर्थ क्षेत्र
श्री आर्य गुण गुरुकृपा जैन तीर्थ
बीकानेर-जैसलमेर-बाडमेर-कण्डला हाईवे नं.१५,
पोस्ट:रामजी का गोल, तहसील: गुडामालाणी, जील्ला: बाडमेर. ३४००३१.
फोन: ०२९८२ २२२२०९. Email:gurukripatirth@gmail.com
सम्पर्क: भीमराज बोहरा-बाडमेर,हाल-जयपुर.(मुख्य संयोजक) ०९७९९६९९७००.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,